ટુચકા સંગ્રહ.

યાને

રમુજી ટુચકા, હાજર જવાબી, પેટ પકડી હસા-
વનાર રમુજી ફકરાઓ, ટુંકી [illegible] હસમુખી
વારતાઓ અને વાંચતાં વાંચતાં કલેજાં
ઉછળાય એવી રમુજોનો સંગ્રહ.

ભાગ ૨ જો.

પ્રગટ કરનાર એમ. જે. પોસ્ટવાલા.
નાણાવટ—સુરત.


૧૮૯૮

સુરત "ખોદાબક્ષ" પ્રેસમાં છાપી.

કીમ્મત: ૮ આના.

ખાસ ખબર.

હમારી તરફથી બહાર પડતી ચોપડીઓની કેટલીક તરફથી નકલો થવા લાગી છે, અને તેવી હરામ ધાનતથી નફો ખાટી જવાની હવાઈ ઉમ્મેદ ધરાવનાર હરામખોરો અને મવાલાબક્ષોને આ તકે **ખબર** આપવાની જરૂર જોઈએ છે કે રજીસ્ટર કે કોપીરાઈટ છે એવું વાંચવા પેહેલાં નેપર સાત વાર વિચાર કીધા પછીજ પોતાની ધારણા અમલમાં લાવવી, નહીં તો નફો કરી જવાની આસામાં નુકસાન થવા સાથે મ-જા મત્યેનું માન ભંગ નહિં થાય.





એમ. જે. પોષ્ટવાલા. નાણાવટ—સુરત.

૫૪૯૭

ટુચકા સંગ્રહ;

યાને

રમુજી ટુચકા, હાજર જવાબી, પેટ પકડી હસાવ-નાર રમુજી ફકરાઓ, ટુંકી પણ હસમુખી વાર્તાઓ, અને વાંચતાં વાંચતાં કલેજાં ઉછલાય એવો રમુજોનો સંગ્રહ.

ભાગ ૨ જો.

દેખાવ : રાતના બાર વાગે સુવાના ઓરડામાં.

ધણીઆણી: "સોરાબ, સોરાબ, ઊઠો તો, ઘરમાં કોઈ હોય, એવો ખખડાટ સંભલાય છે; મારી ખાત્રી છે કે ચોરોજ છે."

ધણી: "તેમાં શું છે? ગભરાયચ કાં; ઘેરમાં કાંહ પાંચ રૂપડીનો માલ છે કે લઈ મરવાના છે? નાસરીનો માલ નહિં, અને બચ્ચાંનો બાપ તે વળી ચોરોને નસાડીને જીવના જોખમમાં કાંહ જાશે?"

ધણીઆણી (નીસોસ મુકી): "અરે જાઓ સોરાબ, તમે કેવા બીકન છો,—ખાસ્સો જીંદગીનો વીમો સો ઉતરાવ્યોચ, દરેક વાતે તમારા લાભમાં છે ને કેમ સુઈ રહાય? જો હમણા મારા હાથમાં બુચો હોતે નહિં તો હું પોતે મુઆઓને નસાડતે."

હેતનો કટકો!!

એક દહાડો અમારે ઘેરથી સરવે જાણાં સવારને પોરથી વાડીએ ગયાં, અને ઘેર સાચવવા અમારે ત્યાં જુના રહેલાં કુકી ડોસાંને રાખી ગયાં. કુકીડોસાંને મુઆંને અમારા ઓરડામાં એક 'આરામચેર' હતી તે ઉપર બેસવાનો ઘણો શોખ; તેમ વળી અમારા 'જેક' કુતરાનેબી મુઆને તેપરજ બેસવાનો શોખ. ડોસાં છે તે કુતરાથી તો બીહે એટલે કુતરો કહારા ખુરસીપર બેઠો હોય તો તેને હાંકી કઢાય નહિં, તેથી તેવણ ઓરડાની છેક છેલ્લી બારી આગલ જઇને બીલાડીઓને બોલાવે! બીલાડી જોતાંને વાર કુતરો તો ઉઠીને બારી આગલ જઇને બે એક કલાક સુધી ભોંસ્યાજ કરે, અને તેટલામાં આપણા જમાના ખાંસ કુકીડોસાં દપ દઇને હરખાતાં ખુરસીપર ગોઠવાઇ જાય. એક વખત એમ થયું કે કુતરો ઓરડામાં આવ્યો અને ડોસાંને ખુરસીપર ગોઠ-વેલાં જોયાં. પછી તે બારી આગલ ગયો, અને શું એક હોય તેમ ખુબ તરેહથી ભસવા માંડ્યું. ડોસાં બીચારાં જાણે કે શું હશે કરી ઉઠીને બારી આગલ ગયાં તો કુતરો બીચારો આવીને ખુરશી પર તરત ગોઠવાઇ ગયો.

એક સાંજે અમે કલબમાં બેઠા હતા ત્યારે જાંહગીરશાહ અજાયબીથી બોલ્યો કે "અમારાં ફેમીલીની તવારીખમાંથી મેં એક અજાયબ જેવી વાત આજે શોધી કાઢીચ."

"તે શું છે ભાઇ?" આપણે જરા ટકોરથી પુછ્યું.

"મારા વડવાઓમાંનું કોઇ પણ કુંવારૂં મરી ગયું નથી!" જાંહગીરશાહે વગર પાયેનીજ ફેંકી.

ખરો શોધક!!

માજીસ્ટ્રેટ (કેદીને): "તુને લુચ્ચાઓ સાથે દારૂ પીને ધાંધળ કરવાના વાંકસર જ્યાં ઊભો કરવામાં આવ્યોચ. તારા બચાવમાં તારે કાંઇ કેહવું છે?"

ગુનેહગાર: "સાહેબ આ મારો પેહલો ગુનાહ છે, અને જો આ એક વખત સાહેબ મને માફ કરશો તો કદી હું એ લુચ્ચાઓ સાથે દારૂ પીશ નહિં."

માજીસ્ટ્રેટ: "તમે પરણેલા છો?"

ગુનેહગાર: "હા, સાહેબ."

માજીસ્ટ્રેટ: "કોનની સાથે પરણ્યા છો?"

ગુનેહગાર: "એક બૈરી સાથે, સાહેબ"

માજીસ્ટ્રેટ (કરડી રીતે): "તમે કોઇને, માણસ સાથે પરણ્યોચ એવું કોઇ પણ વખતે સાંભલ્યુંચ કે?"

ગુનેહગાર: "હા, સાહેબ; મારી બેહેન એક માણસ સાથે પરણી છે."

કેસ ડીસમીસ.

છગનલાલ (રાત્રે બાર વાગે ઘરમાં આવી ખખડાત સાંભલી):—"અલ્યા, કોન છે રે ભાઈ?"

ચોર (ખાટલા નીચેથી):—"કાંઈ નહિં!"

છગનલાલ: "અજબ જેવી વાત છે. હમણા મેં ખખડાત સાભલ્યો ને કેહેચ કે કોઇ નહિં." એમ બોલી પથારીમાં સુવે છે. થોડીવાર પછી પાછા ઝબકી ઉઠી: "અલ્યા વળી કોણ આવ્યું? અમોલો અમોલો જાય છે કે નહિં?"

ચોર: "એ કોઈ નહિં!"

છગનલાલ (કોઇ નથી એમ ખાત્રી થવાથી): "એ બહુ હારૂં."

કાતરવાંનાં ઘસેલાનો નમુનો!!

એક ઘણાંજ ઘરડા ભીખારીએ રસ્તે જતાં એક ગ્રહસ્થના હાથમાં એક કાગળ આપ્યું જેમાં નીચે પ્રમાણે લખ્યું હતું: "સાહેબ, મેહેરબાની કરી, એક ગરીબ માણસ જેને પોતાની ગણત્રીમાં ભુલ ખાઇ ધારવા કરતાં વધારે વખત જીવ્યો છે તેને કાંઇ દયા કરો."

જયારે ગ્રહસ્થે તેને પુછયું કે એમાં તું શું કેહવા માંગેછ ત્યારે તેને જવાબ દીધો--

"જ્યારે હું એક જુવાન સખસ હતો ત્યારે મેં ૮૦) વરસ સુધી પોંહચે એટલી દોલત સાચવી રાખી હતી; અને મેં ધારયું કે આપણે એથી લાંબા દીવસ કહાડશું નહિં; પણ હાલ મને ૮૪) થયાં છે, ત્યારે તમેજ સાહેબ વિચાર કરો કે મેં મારી ગણત્રીમાં ભુલ ખાધી છે, અને ભીખ માંગવાની મને જરૂર પડી છે"

નવા ભીખારીઓ માટે મફત નુસખો છે.

કાકા: "રૂસ્તમ. તું ઘણો ઉડાઉ છે! પૈસા, પૈસા--રોજને રોજ તે પૈસા! સારૂં છે કે એ તુ મારો એકજ નવાઇનો ભત્રીજો છે."

રૂસ્તમ: "ખચિત, વહાલા કાકાજી. હુંબી ખુશી છું કે હું એકજ છું, નહિં તો વળી તમે બીચારા કાઇ સૌને પુછવાના હતા."

શ્રાવક: "શું પેલો રૂસ્તમ અડગરાની આલાંને ચાહેચ?"

સોરાબ: "હા, તે તેણીને એટલો તો ચાહેચ કે તેણી તરફના કાગળો ઘણાં જલ્દી વાંચી શકે તેટલા માટે તો તે ટપાલ-વાલો થયોચ, અને વળી તેણી કોઈ બીજા જવાન તરફથી બી કોઈ કાગલ વહેવાર રાખેચ કે નહિં તેની પણ તે ખબર રાખેચ."

ખરો ખબરદાર!

ઘરાક (દવાખાનામાં અકલાઇ ઘભરાઇને) : "ડાકતર, ડાકતર, જરાક ચાલો તો, પેહલે એક ફેરો ઘેર આવી જાવો તો!"

ડાકતર : "કાંય, કાંય; શું છે? કોણ એટલું સીકછે?"

ઘરાક : "હું પોતેજ. પણ બીજું માણસ કોઇ તમને તેરવા આવનાર હતું નહિં તેથી હુંજ પોતે આયો."

કોઇ એક ગ્રહસ્થ એક ચંદની રાત્રે ઘેર જતો હશે. રસ્તામાં એક લુચ્ચાને નીસરણી પર થઈને કોઈના ઘરમાં જતો જોઈબોલ્યો, "ભાઈયુચોર, એ શું કરવા ત્યાં ભરાયચ? અત્તરઘડી નીચે ઉતર?"

"શું છે! મને હેરાન કરશો ના! હુંતો ભાઈ ઉંઘમાં ફરનારછું!" ચોરે રોકડયોજ આપ્યો.

છાંટુખાં : "આપણે છે તે ઈફલ ટાવર કરતાં પણ એક મોટો મીનારો બાંધવોઆ."

અડાઉખાં : "હા, ઈફલ ટાવર કરતાં ડબલ--પેલું વાદલું દેખાયચ ? ત્યાં સુધીનો. એ હમણાં પલાંની સાથે મલી જશે."

છાંટુખાં: "હા, પણ એ વાદલું તો વીખરાઈને જતું રેહશે!"

અડાઉખાં : "કંઈ હરકત નહિં, આપણે છે તે આકાશમાં રાતા ચાખ વડે એ જગાએ નીશાન પાડશું એટલે થયું."

બાવા: "કાંય રે, તેં તારા ભાઈને આજે 'બેવકુફ' કાંય કહયો? કાંઈ બરડો બારી થયોચ કે? જા, જઇને કેહ કે, 'મેં તમુને કહ્યું તે માટે હું દીલગીર છું.'"

દીકરો (ભઇ આગલ જઇને): "ભાઈ જસી, તું આવો બેવકુફ છે બે માટે હું ઘણો દીલગીર છું!"

"ડીયર, હું જાઊં તે પેહેલા તુને એક 'કીસ' લઈ લેઊં?" જમસેદે પોતાની દીનુને છુટા પડવા આગમજ કહ્યું.

"તમારે જોઇયે તો એક ઉછીની લેઓ, જમસેદ," ખુબસુરત દીનાંએ જવાબ આપ્યો, "પણ તમે લઇ જતા નાં, કારણકે માયે મને કોઈને પણ 'કીસ' આપવા સાફ ના કહીચ."

બીચારો જમસેદ પછી ઉછીની 'કીસ' લઇ ગયો.

સોરાબ, ઈતીહાસ વાંચતોંતો તેમાંથી બ્હાર જોઇને: "એ પણતે મને સમજન નથી પડતી,-એ લોક લખી મરેચ કે કોલંમબસે અમેરીકા ખંડ સોધ્યો, પણ તેને સોધ્યા પેહલાં તેની ખાત્ર કેમ કીધી કે એજ અમેરીકા છે."

બાપ (દીકરાને): "કેમ. રૂસ્તમ, આજે સ્કુલમાં બરડાપર કેટલા સપાટા પડયા?"

રૂસ્તમ: "મારી પીઠ પાછલ જેબી કાંઈ થતું હોય તેની આપણે કોઈ દીવસ દરકાર રાખતાજ નથી."

વખત સાંજના પાંચ વાગાનો. દરીઆ કીનારે.

"ઇજીપ્ત ઘણું સરસ શેહેર છે, પણ ત્યાં ગરમી કેટલી! એક દીવસ તો અમે કેટલાંક ઈંડા સુરજની ગરમીથી બાફ્યાં!!" એકે કહ્યું.

"ખાંડ ખાઓ, ખાંડ, ઝાંઝીબાર આગલ કંઇ બીસાદમાં નહીં. ત્યાં છે તે ચંદ્રના અજવાળામાં અમે ઈંડા બાફતા હતા" બીજાએ વટાલે તેવીજ ઠોકી.

રૂસ્તમ: "માય, આજે એક જાદુગરે સડકપર એવા તો સરસ અજાયબ જેવા હાથ ચાલાકીના ખેલો કીધા, કે હું તો કહુંચ કે તમે તમારી ઊમરમાંબી કોઇયે નહિં જોયા હશે. તેને એક રૂપ્યો લીધો, સૌને દેખાડયો, પછી જરા એમ તેમ હીલાવ્યો અને તેનો ગુલાબ બનાવી દીધો."

બાપ: "અરે તેમાં શું મોટું, રૂસ્તમ. એમ તો તારી માય છે તે દસ રૂપ્યાની નોટ લઈ જઇને જોત જોતામાં તેનો ખુરદો કરી આવેચ."

એક ડાકટર કહેચકે દરદીનો એક વાલ તપાસવાથી તેને શી જાતનો રોગ છે તે હું કહી સકુંચ. મારા જેવા બેએક જણા મશ્કરી અર્થે ડાકટર આગલ બે એક ઘધેડાના બાલ લઈને ગયા. ડાકટરે ગંભીરાઇથી તપાસ્યા પછી 'પ્રેસ્ક્રીપશન' લખ્યું અને ફીનો એક એક રૂપ્યો માંગ્યો, અને કહ્યું કે કેસ ઘણો જોખમ ભરેલોછે. આનાકાની કરી બંન્નેએ રૂપ્યો આપ્યો અને સેહેલ જોતા ઊભા. પછી એક 'પ્રેસ્ક્રીપશન' લઈને અજાયબીથી વાંચ્યું તો ડાકટરે લખેલું-કે "જરાક એ જનાવરને હવા ખાવા લઇ જાઓ."

બન્ને 'આટ' બની ગાંઠનું ગુમાવી હસતા હસતા વંજે પામી ગયા.

"તને ફાંસીની ટેપ મલે તે અગાઉ તારે કાંઇ કોર્ટને બચાવમાં કેહવું છે?" એક ગુનેહગાર બંધવાને જડજે પૂછયું.

"નહિં, સાહેબ; મારા વકીલ પાસે મારો એક રૂપીઓ લેહણો છો તે મારે લેવો છે!" બંધવાએ જવાબ દીધો.

"મેકું સાંભલોચ કે! હેઠળ ચોર આવેલાછે." એક બૈરીએ કહ્યું

"એમકે. ત્યારે તો તું જા અલી. અને તેઓને કાઢી મેલ" અલાભાઇ બોલ્યા.

"એટલે તમે કેવા કસાઈ છો? કોઇ મને જીંચકી જાય ત્યારે?"

"ત્યારે ગઈજ રાત્રે ડાહેલી થઇ મને ઘરનાં કામકાજમાં આડે નહીં આવવા કેહતી'તી તે હવે કેમ થયું?"

"નસવાનજી, તમે વાંચ્યું કે, એક બૈરી બીચારી ૪૦) દીવસ સુધી પાણીપરજ જીવી શકી." ન્યુસમાં આર્ટીકલ વાંચી સુનાબાઈ-એ ભરથાર આગલ કહ્યું.

"અરે પણ તેમાં શું અચરત જેવું છે, ડીયર. એમતો મારા બેહસ્તી કાકા બીચારા દસ વરસ સુધી પાણીપર રહ્યા હતા."

"છટ છટ. મને તમે સમજાવવા આયાચ કે? ત્યારે વળી એમ કેહતાં કાં નથી કે તેવણ બીચારાં ત્યાં સુધી આંગેબી ભરેલા રહ્યા?"

"અલબત, તેવણ હતા. તેવણ સ્ટીમરપર કેપટન હતાની?"

જડજ—જે બુટ ચોરાયાં તે કેટલી કીંમતના છે?

સાક્ષી—તમે જાણોચ સાહેબ, કે સપેર પેહેલ્લાં છે તે કરીને મેં જ્યારે નવાં લીધાં ત્યારે સાહેબને કેહું જે (વીચાર કરીને) છ રૂપીએને સાત આને લીધેલાં, ત્યાર પછી આપને કેહવાનું કે તમારા સેવકે એને બે વખતના તો પથ્થર જેવાં સોલ મુકાવેલાં તેની ઉપર મને બાર બાર આના ખરચ લાગેલો: એટલે કુલ્લે સાત રૂપીઆને પંદર આના થયા સાહેબજી.

આપણા રૂસતમજી શેઠે એક નોકર રાખ્યો, તેને કહ્યું કે જો કંઇ ચીજ હું માગું તો તે સાફ કરીને લાવવી. એક દાહાડો શેઠનો હાથ કલમ ઘડતાં કપાયો. શેઠે બુમ પાડીને કહ્યું, અલ્યા જરા કોલનવાટરની સીસી લાવ તો. શેઠના કે'વા પ્રમાણે શીશીમાંથી કોલનવાટર ઢોળી દઇ સીસીને પાણીથી સાફ કરીને અડધા કલાકે શેઠની પાસે લઈ ગયો અને બોલ્યો સાહેબ તમારા કહેવા પ્રમાણે સાફસુફ કરીને લાવ્યો છું.

શેઠ સમજ્યા કે અક્કલનું બારદાન છે.

જડજ: "બંધવા, આપ સુદ્ધાં આ વરસમાં ત્રીજી વખત સપડાયા છો, કેમ?"

બંધવો: "અરે, તમે એ વતજ ના કરો. મારી હાલત ઘણી ખરાબ છે, જો કે એમાં મારી રહેજબી તકસીર નથી. જ્યારે હું એ નશામાં પડુંચ ત્યારે તો મને, સાહેબને કેહું જે ભુખબી લાગતી નથી, ને ભોંયો ઠાકી ઠાકી બતઊંચ. જો હું એટલોબી મ્હાવરો છોડી દેઉંચ તો સાલું મને ભુખ મરવાનું થાયેચ, ત્યારે સાહેબ જ્યારે મારૂં પેટ નહીં ઘરાય તો હું જીવતાં લગી તો મારી જાતનું મારીકુટીને પેટ ભરૂં કેના?"

બાપ—(દીકરાને સુતેલો જોઈ) "શોરાબા બેટ્ટી બાપ હજી તું સુઇજ રહ્યોચ કે? ક્યારનો સુરજ ઉગ્યોચ તે દેખાતું નથી કે?"

દીકરો—(આંખ ચોલતાં) "અરે, સુરજ તો નકામો છે તેને શું? કોઈ વેળા જો તે રાત્રે બાર વાગેજ ઉગસે તો શું માર પણ તેની સાથેજ ઉઠવું કે? વાહ!"

એક બનાએ ઈજીદ જેવા માણસે અમારી ઓફીસમાં આવી કહ્યું કે, "સાહેબ, જરા તમારાં લીસ્ટમાંથી પેલા ધરમધોલદાસ કરમકુટદાસનું એડ્રેસ તો કહો."

કેટલોક વખત સુધી આપણે તો લીસ્ટમાં શોધ્યું પણ હોય તો જડે કેની? તેથી કહ્યું કે, "તેતો એમાં નથી જડતો."

"અરે જાઓ મારા સાહેબ! એટલો તે જડતો નથી! લ્યો સાંભલો, તે છે તે આંગે પણ રહેજ ભરેલો, મોટાં ગોલ ડોયા જેવા માથાંનો, ગાગર જેવા પેટનો અને બે ફીટ ઉંચો છ. દુન્યામાં તેના જેવો રહેલાઈથી ઓલખનારનો કોઈ નથી, ને તમે ના શુ કેહોય?"

એક મારવાડીયે મરતી વખતે વકીલને બોલાવી મોટી મોટી રકમો પોતાના સગાંને આપવાને લખાવી તે એટલે સુધી કે વકીલને તેના ફીના બદલામાં રૂ૧૦૦૦૦૦) રૂપીઆ આપવા ઠર્યા. આખરે વકીલે કહ્યું, "ભાઈ તમારી પાસે આટલા બધા રૂપીઆતો છે નહીં?"

"તેથીજ હું પણ લખાવુંછું તો!"

વકીલની મેહેનત ફોગટ ગઈ ને બીચારો ચાલતો થયો.

એક ગ્રહસ્થને સહવારના ચાર વાગતાની ગાડીમાં મુંબઈ જવું હતું. જેથી તેવણે રાતે સુતી વેલા પોતાના નોકરને બોલાવી કહ્યું કે, "રામલા! આજે મને ચાર વાગે બાહાર જવું છે માટે સાડા ત્રણ વાગે મને તું હાંક મારી જાગ્રત કરજે હં કે?" તે સાંભલી રામલો બોલ્યો, "હારે છાએબ! તમે મને એકજ હાદ મારજો કે, ઓય દેતો કે તમુને ઉઠાડવા આવીજ લાગેલો!"

આ સાંભળી શેઠને હાંસો થઈ આયો!!

એક સખસની બૈરી ગુજરી જવાથી તે ઘણોજ કલાપીટ કરવા લાગ્યો. જેથી તેના એક પડોસીએ પટાવીને પુછ્યું કે, "કાય ભાઈ, આટલો બધો હવે રડીને તે શું કરશે? જે થવું હતું તે થયું! ગયે મહીનેજ કોલેરામા તારી મા તથા બેહેન સાથે ગુજરી ગયાં ત્યારે તો જરા પણ નહીં રડતો હતો! શું કંઈ મા બાપ પાછાં મળશે? ને બૈરી જડવાની નથી? ત્યારે આટલો અમસો તે શું કામ કરવા કરેછ?" તે સાંભલી ત્યારે પેલો સખસ બોલ્યો કે "સાહેબ તમુંને ખબર નથી. ગયે મહીને જ્યારે મારી મા તથા બેહેન ગુજરી ગઈ, ત્યારે મારા સગા વહાલાંને ઘરના તથા આડોસી પાડોસીને ઘરનાં બૈરાંઓએ આવીને મને પટાવ્યો હતો કે 'ચાલ દીકરા, ચુપ રહે. રડ ના! ભાઈનું કરવું હતું તે થયું તેમાં કંઈ આપણું ચાલે નહીં! હવેથી તું હમુંજ તારી મા બેહેન તરીકે સમજજે!' પણ હમણાં જ્યારે મારી બૈરી ગુજરી ગઈ ત્યારે તો એકણી બૈરું એમ નથી બોલતું કે, 'ચાલ વહાલા! હવે થયું તે થયું. આજથી મનેજ તારી બઇરી તરીકે સમજજે' અને તેથીજ હું આટલો રડુંછું." પેલો પડોસી તો ખસીયાણો પડી આસતોજ થયો.

એક માસ્તરે પોતાની કલાસના છોકરાને ગાળ દેવા માટે બીજા છોકરાને શીક્ષા કીધી, અને નીચે પ્રમાણે વાત થઈ.

છોકરો: "સાહેબ, મેં એને એક પણ ગાળ નથી દીધી. તમે આ છગનને પુછો."

માસ્તર: "તું ગાળ દે તેમાં છગન શું જાણે"

છોકરો: "કારણકે સાહેબ, મેં જેવારે દીધી ત્યારે ત્યાં આગળ એ પણ હતો."

એક બાપે પોતાના છોકરાને કલાસમાં સૌથી નીચો નંબર રાખવા માટે ગુસ્સાથી કહ્યું "હવે મને તુંને કહ્યા વગર નથી ચાલતું રૂસતમ. હું જાણવા માગુંચ કે એ કરાકરીનો કાવસ હંમેશ કલાસને મથાલે, અને તારો રેન્ક સૌથી નીચે !"

રૂસતમે એકાદ મીનીટ થોભી પોતાના બાપને થંડો પડેલો જોઈ અચકઈને સંતોષકારક જવાબ આપ્યો, "બાવા તમે ભુલ કરોચ, એ કાવસના માબાપ ઘણા હુસ્યાર છે."

એક નિશાળમાં એક છોકરાએ પોતાના શિક્ષક પાસે પાણી પીવાની રજા માગી.

છોકરો—સાહેબ હું પાણી પીવા જાઊં.

શિક્ષક—નહિં.

છોકરો પાંચ મીનીટ થોભીને પાછો આવ્યો ને રજા માગી.

શિક્ષક—નહિં,

જેવો તે છોકરે "નહી" શબ્દ બીજી વખત સાંભળ્યો તેવોજ તે વર્ગની બહાર ગયો અને પાંચ મિનિટ પછી આવીને પોતાની જગાએ બેઠો.

શિક્ષક—અહીં આવ, બહાર કેમ ગયો હતો ?

છોકરો—સાહેબ, તમે મને રજા આપી તેથી ગયો.

શિક્ષક—મેં રજા આપી નથી.

છોકરો—સાહેબ, તમે અમને એમ શીખવ્યું છે જે જ્યારે બે નકાર વાચક શબ્દો બોલાય ત્યારે તેનો અર્થ હા સમજવો. તેથી જ્યારે તમે બે વખત "નહીં" કહ્યું ત્યારે તેનો અર્થ 'હા' થયો તેથી હું બહાર ગયો.

આ જયારે છોકરાએ કહ્યું તેવીજ વર્ગમાં હસાહસ થઈ રહી,

તે: "જો હું મારી સઘળી ખરાબ આદત તજી દઊં તો તું મને ચાહશેની?"

તેણી (વાંધો કાઢીને): "પણ ફ્લી, એક તદન પરદેશી પુરૂષને આપને ઓરખ્યા પારખ્યા વગર કેમ ચાહવો?"

એક બે સખસ પૈસો બચાવવાની જુદી જુદી રીત વિષે વાતો કરતા હતા જ્યારે એકે કહ્યું કે આપણે તો ભાઈ ઠીક તાલ કરચ. જોકે મને છોકરાં તો ઘણાં છે, પણ રાત્રે છે તે ખાધા વગર સુઇ જવા માટે સૌને હું એકેક પૈસો આપુંછ. જ્યારે તેઓ ઊંઘી જાય છે તારે તેઓ કનેથી પૈસો લઈ લઊંછ, અને સહવારે ઉઠતી વખતે પૈસો ખોહી નાખવા માટે હું તેઓને ધમકાઊંછ એટલે બીચારાં મુંગા મુંગા નાસ્તો ખાધા વગર ઇસકોલે સટકી જાએચ.

એક છોકરાએ પોતાના પીતાને વૃદ્ધાવસ્થામાં પુછ્યું; "બાપા! તમારા માથાના તથા શરીરના વાળો કાળા હતા તે, હવે ધોળા કેમ થઈ ગયા?" તેના ઉતરમાં બાપે જવાબ દીધો કે, "બેટા! પૂર્વ કાળે મેં નઠારાં કામ કરેલાં, જે કારણસર મારા વાળ કાળા થએલા પરંતુ આ દુનિઆમાં જન્મ લીધા, પછી નીતીથી ચાલી સારા કર્મ આચર્યાં જેથી ઈશ્વરે ખુશ થઇ મારો ગુન્હા માફ કરી, હવે મને શફેદી બાલની બક્ષીશ કરી. માટે બેટા! તું પણ, તારા આ કાળા બાળને ધોળા કરાવવા માટે ખરી નેકીથી ચાલી ઈશ્વરને પ્રસંન્ન રાખજે કે, આખરને વખતે પણ તારી સફેદી દીપી નીકળે!" (આ બાબતમાં પીતાએ પુત્રને, સદબુદ્ધિ આપ્યાના બોધનો શમાવેશ કરેલો છે.)

ભોલા ભાણ્યાની ભટાઈ—ભાણ્યાની બાયડી એક વેલા અગાંર અજારી પડી, જેથી ભાણ્યો ડાક્ટર પાસથી દવા લાવવા દવાખાનામા ગયો શેંકડો માથાકુટ અને હસાહસ વચ્ચે ડાક્ટરને સમજ પડી કે ભાણ્યો પોતે નહીં પણ તેની બાયડી માંદી છે. અરે પણ આટલાથીજ કાંઈ ભાણ્યો ચુપ રહયો નહીં. ડાક્ટરે બાયડીનું નામ પુછ્યું! પણ ભાણ્યો બદો શું બાયડીનું નામ દે?! વાહ! વાહ! પછી તો ભાણ્યો ભાન બાહાર મુકાયો આ રકાસ અને ડાક્ટરનુ ચીરડાવું ભાણ્યાનો એક સોબતી આવી લાગવાથી તેણે ખુલાશો કીધો, ત્યારે બંધ પડ્યું. ત્યાર બાદ ડાક્ટરે દવા આપી અને કહ્યું કે, "ખુબ હલાવી હલાવીને આપજે." ભાણ્યો તે ખરૂં ધ્યાનમાં રાખી ઘરે ગયો, અને પોતાની બાયડી જે પથારીમાં ઉંઘતી હતી તેને પીઠમાથી પકડી ખુબ જોરથી હલાવવા લાગો, ને એટલાં જોર કે તે બિચારી બાયડીના સાંધે સાંધા છુટા થવા લાગ્યા અને તે ખુબ બરાડા પાડવા લાગી. પણ ભાણ્યો બદો આથી ગભરાયો નહીં. તેણે તો પોતાનું કામ ચાલુજ રાખ્યું હતું અને તેટલામાં જો આડોશી પાડોશી દોડી ન આવતે તો તેણીનો પ્રાણ લેવા પણ ચુકતે નહીં. લોકોએ કારણ પુછતાં ભાણ્યો બોલ્યો કે, 'દાખતરે કીએલું કે 'ખુબ હલાવી હલાવીને આપજે' તેથી એમ હલાવું, તીવાર છછરીની સાંઠ તો ખુબ પારે. એમ હલાવે નીહતો ફાયદો તે કેમ કરે, ને ફાયદો નીહ કરતો હાજુ તે કેમ થવાય?" આ સાંભળી એક જણું ચેતી ગયો જેથી બોલ્યો કે વેલ છપ્પા તારી બાયડીને નહીં પણ દવાને ખુબ હલાવવા કહી હશે. સમજયો !!

હાજર જવાબી ચોર—એક એકમ ગામમાં એક દીવસે એક ઉઠાવગીર એક ઘરમાં પેસી બેઠક માળા ઉપર ચઢી ગયો, અને આમ તેમ જોતા ફકત બે જુના ખખ થઈ ગયલા બન્નાતના ડગલા તેને મલ્યા તે લઈ તે નિચે ઉતરતો હતો તેટલાં દાદર ઉપર તેજ ઘરમા ભાડે રેહતા એ વકીલ સાહેબ મલ્યા તેવણે આ ઉઠાવગીરને પુછ્યું કે, "આ ડગલા કયાં લઇ જાઓેચ?" પેલા લુચ્ચા હાજર જવાબી ચોરે જરા પણુ ન ઘભરાતાં લાગલો હિંમતથી જવાબ આપયો કે "વળી શુ કરવા? સાફ કરી લાવવા!" આ સાંભળી વકીલ સાહેબ સમજ્યા કે આ કોઈ ડગલા સાફ કરનાર હશે માટે પોતાનો નવો કિંમતી ડગલો પેલાને સ્વાધીન કરતાં બોલ્યા કે, "આએ ડગલાની મને ત્રણ વાગે જરૂર છે, માટે ત્રણ વાગાની અંદર સાફ કરી લાવજે. જો બચ્ચા જલદી આવશેતો ખુશી કરશા!" પેલો ચોર વાકોચીકો થઇ બબે હાથે નીચે નમી સલામ કરી બોલ્યો, "હારે સાહેબ! તમો જુઓતો ખરા કે બારપર એક નહી વાગે તેટલાં તો તમારો ડગલો હાજર." ત્યાર બાદ વકીલ સાહેબ માળ ઊપર ગયા કે તે ચોર પેલા જુના ડગલા ઉચકવાની તસ્દી નહીં લેતાં પેલો કીંમતી ડગલો પોતાના બાવાનો માલ હોય તેમ ત્યાંજ આંગમાં પેહરી લઇ લટક લટક કરતા બેધડક ઘેર જઈ બેઠા ? વાંચનારને કેહવાની જરૂર નથી કે પેલા વકીલના ત્રણ તો હજી વાગાજ નથી હોં ! પણુ તુરત બાર વાગી ગયા છે! વાચક કોઇ દી આવા ઊઠાવગીરો સાથે ભોલાઈથી ના રેહતો હો!

"છોકરા, તું નિશાળમાં તોફાન કરેછે તથા ચોરી કરેછે એવી તારા મેહતાજી આજે મારા આગળ ફરીયાદ કરતા હતા."

છોકરાએ ધીરેથી જવાબ દીધો, "હા હા બાપા, મને પણુ મેહતાજી કહેતા હતા ખરાં કે તુ તારા બાપ જેવો છું."

સસરો: "પણ દીકરા, નાનાંને પરણે તેવડો તું મોટો નથીની? તુને કેટલાં વરસ?"

જમાઈ: "એકવીસ."

સસરો: "અને એતો સત્તાવીસ વરસની—કેટલો બધો ફેર! એક અડધો ડજન વરસ સબુર ખમની? પછી તુબી સત્તાવીશ વર્ષનો થશે એટલે પછી બન્ને તમે સરખી ઉમ્મરે પરણજો."

"ગેઈ રાત્રે આપણે નાટક જોયો તે કાંઈ ખરો નહિ. તદન ખોટો."

"કેમ ખોટો કાંય."

"તમુને ખબર છે? ત્રીજા અંકમાં જે છોકરાને તરવાર વડે મારી નાખવામાં આવ્યો હતો તે?"

"હા."

"અને, આજેજ સહવારે તો મેં તેને આપણા મોહોલ્લામાં થઈને જતો દીઠો."

એક બુઢો શખસ ડાકટરને ત્યાંનું મોડું બીલ આવેલું જોઈ ગભરાયો તેથી તેને તેના નોકર જોડે ચીઠ્ઠી લખી મોકલી કે "તમારી દવાના પૈસા હું આપીશ, પણ તમારી આપણે ત્યાંની મુલાકાત તો કેહશો તો પાછી વાળી જઈશ."

"ત્યારે તમને ખબર નથી કે હું ને મારી 'વાઈફ' બન્ને એકજ દીવસે જનમેલા?" નંબર પેહલાએ કહ્યું.

"નહિં મનાય કેમ," નંબર બીજાએ તકરાર ચલાવી. "એ પરથી મનેબી યાદ આવેચ કે મારી બૈરી ને હું (યાદ કરી) એકજ દીને પરણેલાં."

ખરો યાદનો રાખવાવાળો!?

એક મોડી સાંજે એક દાક્તરને પોતાના પાર્ટી ફ્રેન્ડો તરફથી એક ચીઠ્ઠી મળી, જેમાં લખ્યું હતું જે,—"ચાલની સાવક; આ બધાં તારા વગર બેસી રહાય. રાત્રે નાટકમાંથી ચાલતુંજ કેના!"

"સાંભલેચ કે. ડીયર, સુનહ," પછી દાક્તરે પોતાના ડીયર ધણ્યાણીને સમજાવ્યું, "વળી પાછું મને તો અનાદને ત્યાથી તેડું આયુંચ. મને તો કેરૂ બહુ જોખમભરયો લાગેચ: કારણકે હોસ્પીટલનો તથા મુંબઈનો દાક્તર કગી બંને ફકત ત્યા સુવાચ, ને મને ત્યાં ધારવા બોલાવેચ." એમ કહી આપણા સાવકસા દાક્તરે કેની મેર સુકાન ફેરવ્યુ તે સાહેબ જાણે

એક દિવસે એક માણસે બે છોકરાઓને પથ્થર એકેક તરફ ફેકી લડતા દીઠા તેથી તેને એકાદની આગળ જઈને કહ્યુ કે—

"અલ્યા, ભાઈ. સીધો સીધો ઘેર જાની. કોઈને અમસ્તું લાગી બેસસે તો પંચાતી."

"ત્યારે, એને મને પેહેલાં શુ કામ માર્યો ?" છોકરાએ કડાકીથી કહ્યું.

"અરે ભલા માણસ, તેમાં શું થયું" પેલા માણસે તેને સમજાવવા માંડયો, "હોય, હવે તેને મારશ તો આપને એક બાઠ રહ્યા, અને એ ઉંચા બાપ—"

એટલામાં પેલા બીજા છોકરા તરફથી એક પથ્થર આવ્યો જે બીચારા પેલા માણસનેજ લાગવાથી તેને સખત ઈજા થઈ, જેથી તેને પોતાના પગ આગલ પડેલી એક ઈંટ લઈ પેલા છોકરાને છુટી મારી જેથી તેનું માથું ફુટી ગયું.

જોયો બીચારો ભલો માણસ !

અજાએબ જેવું દુરબીન—રતનરામ.—કેમ. દેવશંકર, કંઇ નવા જુની?

દેવશંકર—નવા જુની તો શું પણ હું એક દુરબીન લાવ્યો છું તે એવું સરસ છે કે આયેની ચીજ શોડ જણાય છે, એટલુંજ નહીં પણ અહીયાંથી જે પણ માઈલ છેટે સ્વામીનારાયણ મંદીર છે તેને જયારે જોઇયેચ ત્યારે તેમાંના વાગતા ઘંટ પણ આપણાથી શંભલાય છે અને લોકો વાતચીત કરે છે તે પણ શાંભરી શકાય છે.—કેમ કેવી નવા જુની.

રતનરામ—બહુ સારી. ભાઈ રાવ.

દેવશંકર—હા. ભાઈ જેઓ કરો મજા, ઉડાવો ધજા.

સવાલનો જવાબ—**સવાલ:**—ભાઇ તમે દરીયાની મુસાફરી કરી છે.

જવાબ—ના, પણ મારા બાપનો બાપ એક વહાણના નાખોદાની છોકરી સાથે પરણ્યો હતો.

સવાલ—ભાઇ તમે પરદેશની અજમાયેશ કરી છે?

જવાબ—ના, પણ મારા બાપની અટક બંગાલી હતી.

સવાલ—ભાઇ તમે કંઇ ભણ્યા છો?

જવાબ—ના, પણ મારો બાપ ચાર ભાષા જાણતો હતો.

સવાલ—તમો પરણેલા છો કે કુંવારા?

જવાબ—મારો બાપ પરણેલો હતો પણ હાલમાં મારા લાયક કન્યા જડતી નથી."

ભાઇ તેવા તો ખરા કે કન્યા આવે.

અમારા ઘેર પાસે એક ન્હાનો છોકરો રહે છે, જે હસમુખો હોવાથી તેને સૌ સાથે પરીચય પડયો હતો. એક દિવસે એક ગ્રહસ્થે તેનું પાની કસી જોવા માટે તેને એક પૈ અને રૂપીયો દેખાડી કહ્યું કે; "જો તું આ રૂપીયો લેશે તો તું નર્ક નીવાસી થશે; અને પૈ લેશે તો તું સ્વર્ગે જશે."

છોકરે થોડે મીનીટ વિચાર કીધો, પછી, પેલા ગ્રહસ્થના હાથમાંથી રૂપીયો અને પૈ બન્ને લઇ બોલ્યો. "કંઇ નહિં, સાહેબ; હું બન્ને લઉંછું અને પરીણામ વેઠીશ."

ભુલકણું ભેજું—આદરજી અકસ્માત રાત્રે બેજનં ગોપનો ખેલ જોવા જવાના વીચારમાં ઓફીસમાંથી વહેલા ઘેર આવ્યા. આદરજી ઝડપથી મેળાપર ચઢી આવ્યા પણ પોતાના ખાનગી ઓરડાના બારણાપર મોટા અક્ષરે "હુકમ વગર અંદર આવવું નહીં" એવું લખેલું વાંચીને એકદમ ચમકી ઉભા રહ્યા. તેવણ પોતાના આ ઓરડાને કોઈ ઓફીસનો ખાનગી રૂમ સમજેલા લાગતા હતા. અંદરથી કોઈ સીપાઇ આવશે તો તેના પાસે પુછાવીને સાહેબના ઓરડામાં જઇશું, એવા ખ્યાલથી પોતે ઉભા રહ્યા. પાંચ દશ અને પંદર મીનીટ થઈ ગઈ તોપણ અંદરથી બાહર કોઇ ફરકયું નહીં ત્યારેજ તેવણને સુધ આવી કે તેવણે પોતાનો ચોખ્ખો રકાસ કરયો હતો. કેમકે ખાનગી ઓરડો તો તેવણનો પોતાનોજ હતો!

એક રેલ્વે પોર્ટર એક દિવસ છાકટો થઇને ઘેર આવ્યો. અને ખાટલાપર સુતો. મોડી રાત્રે એકાએક જાગી ઉઠીને ઘરનું બારણું ખોલી મોટેથી બોલ્યો, "કોઇ મુંબઇ જાને વાલા હય?"

કોઇ એક ગાડીવાલાનો ઘણોજ સરસ ઘોડો ખોવાઈ ગયો ઘણેક દીવસ પછી સનીવાર હતો એટલે તે હાટ (બજાર) ભરાયચ ત્યાં આવ્યો, જયાં તેની અજાયબી વચ્ચે તેને પોતાના ઘોડાને વેચાતો જોયો. તે માણુસ પાશે તેને જઇને કહ્યું, ' આ મારો ઘોડો છે, અને ત્રણ દીવસ થયાં મારે ત્યાંથી ચોરાઇ ગયો છે.''

''જાઓ, જાઓ.'' તે માણુસે તગડાઇને કહ્યું. ' એ ઘોડો તો મારી પાસે વરસ ઉપર થયું છે. તેં બાઇ વાત લાગાય તે.''

પેલા શખશે પોતાના હાથ વડે ઘોડાના બન્ને આખ ઢાંકી અને કહ્યું, ''જયારે તમારી પાશે આટલું થયુ છે તો એ કેઇ આંખે આંધલો છે તો કહો?''

તે માણુસ, જે ખચિત ઘોડો ચોરી લાવ્યો હતો, પણ તેને બરાબર ઘોડાની તપાસ કરી નોહતી તેને અનિયમીતપણે જ-વાબ દીધો ' ડાબી આખે ''

''ખોટી વાત''—તે સખશે કહ્યુ

એટલે પેલા માણુસે ફેરવી તોલ્યું કે, ''અરે નહીં જમણી આંખે—હું ભુલ્યો.''

''પકડાયો બચ્ચા'' ખરા ઘોડાના માલેકે કહ્યું, ''તુ ચોર નહીં પણ તે સાથે જુઠો પણ છે. એ કાંઈ આંધલો છેજ નહી.''

એકવાર કોઇ જંગલમાં ઘણાંએક હીજડાઓ જતા હશે. લુટારાઓએ તેઓને લુટી લીધા ત્યારે તે કહેવા લાગ્યા કે, ''સાહેબ બલહારી જઈયે અમો લોક તો હીજડા છીએ. શું અમોને પણ લૂટશો ?'' એ સાંભળી લુટારાઓએ કહ્યું ' બાઇ, અમારા કબજામાં હીજડા ને નામરદજ આવે છે, મરદ શા માટે આવશે ?''

"તેતો મારા બાપાને પુછો!"—એક શ્રીમંતના છોકરાનાં લગન લાગતી વેળાએ તેને સવાલ પુછવામાં આવ્યો કે "અએ છોકરા, આ છોડી હવેથી તારી બાયડી થઈ છે; તેથી એણીનું પાલણ પોષણ કરવાને તું કબુલ છે અગર નહિ?" તેપરથી છોકરો ગભરાઈને બોલ્યો "તેતો મારા બાપાને પુછો!"

શેઠ—(ઈરાની ચાકરને) મેહેરવાન, આએ દોડીયું લે, ને બુટને પાલીસ કરાવી લાવ.

મેહેરવાન—શેઠ, શેઠ, હું પાલીશ જાણેચ, હું કરેચ.

શેઠ—ત્યારે ત્યારે ચાલ જલદી કરી લાવ.

મેહેરવાન—વોરૂજી, આએ ચાએલી.

(મેહેરવાન ઈરાની વોહોરાની દુકાને જઈ વાત કરતો દેખાય છે.)

મેહેરવાન—એ વોરાજી, યેક દોડીયાના પોલીસના કાગજ આપ.

વોરાજી—એઈ ઇરાન, પોલીસના કાગજ કેવા જોઈએછે? જુના કે જારા?

મેહેરવાન—વરી જુના જારા સાનો કરેચ? મેન્જેના સોજા જેવા આપ. ચાલ જલદી કર.

(મેહેરવાન ઈરાની ફેર આવી પાલીશના કાગજથી બુટ સાફ કરેછે.)

શેઠ—મેહેરવાન, બુટ સાફ કીધાં કે? ચાલ, લાવ મારો વખત થયો જલદી કર.

મેહેરવાન—શેઠ, તું કાંઇ ઘેલી થેઈચ કે? વેખત શાના થયા? તું તો ભોટા છે, વેખત બુધા માણુસનો આવેચ, તું તો જુવાન છે,

શેઠ—ચાલ, તારૂં ભાશણ છોડીદે, ને બુટ લાવ. હું તો ઘભરાઉં છ.

મેહેરવાન—લાવેચ, લાવેચ. આ રે લાવેચ, જેરા વાર છે.

(મેહેરવાન શેઠને બુટ આપે છે ને શેઠનો બુટ જોઇને ભોંજરા જાયછે)

શેઠ—એ આએ શું કીધું? તારૂં નખ્ખોદ જાએ, આએ શું નવા બુટની મોંહકાણ વાળી?

મેહેરવાન—વરી શું? તેં કહ્યા કે બુટ પાલીશ કરી લાવ ને મેં કીધાં. સોરાબજી ખાનમોરને તાં નોકરી ઉતી, તે તાનાં કબાટથી મેં પાલીશ કીધેલા હતા.

શેઠ—અરે એ હેમક, બુટને તો બલાકીન લગાડીને પાલીશ કરીએ.

મેહેરવાન—તે હું શું જાનેય. તેં કંઇ મને કેહેવાતા. લાવ લાવ, બુટને ચલકતાં કરી લાઉં. જેરા બાબરચીખાનામાંથી ઘી લગાડી લાઉ?

શેઠ—સુ? ઘી લગાડી લાવે. અરે મર, મર, તું બુટ પોલીશનો કરતો; "યુ સ્તુપીડ ફુલ"

મેહેરવાન—હંવરે તો બધા ઇંગરેજી બોલેચ. હું ઇરાન પણ બોલેચ "નો નો નો યસ નો ગુડ" લે હું બી બોલી.

શેઠ—જા, મર મર હેમક. તારૂં કાલું કર. જા આંહીંથી.

જોઇ લેવો શેઠનો રકાશા બીજા નવા બુટને માટે રૂ ૧૦ની શેશા!

હાજર જવાબ—એક સખસે થોડીક એખરા જેવી કવીતા રચી હશે તેની વડાઇ લેતો પોતાના મિત્રને પુછેછે "કેમ દોસ્ત! આ કવીતા મીઠી છે કે નહિં?"

"મીઠી છે ખરી, પણ તે બોલતી વેળાએ મો'મા શાકર રાખી બોલવી જોઇયે" મિત્રે બિરજથી હસીને જવાબ દીધો!

હોશિયાર નોકર—શેઠ: (ચાકરને ચીરડાઈને) અરે હેમક, તને ખુરસીઓ સાફ કરવા સારૂ મોકલ્યો હતો ને તું તો આરામથી ખુરસીપર આવીને બેશી રહયો છે! તેની શું તને શરમ નથી આવતી?!

ચાકર:—સાહેબ! ખુરસીઓ સાફ કરવાનું કપડું જડતું નથી. આ તમારી દરેક ખુરસીપર થોડા થોડા વખત બેસતો જાઉં છું કે ખુરસીઓ મારાં કપડાં વડે સાફ થાય!

ભાઈ, હું મારૂં બીલ ચુકવવા માંગુચ," એક સખસે હોટલ કલાર્કને કહ્યું. "પણ હું ધારૂંચ કે તમે મારીપર મેહેરબાન થઈને એક રકમ આકડામા લખવાની થાપ ખાધીછ. કાલે હું વરનડામાં બેસીને 'ન્યુસ' વાંચતો હતો ત્યારે તમે મને વરસાદ આવેચ માટે ઉઠી જવાની ખબર આપી હતી તે રકમ આમાં કયાંછે?"

ઘડીયાળ સમારવાની મજુરી ટોંસા--એક ગવસાગક્ષ પોતાની નઝીકનું ઘડીયાળ સમારવા સારૂ એક ઘડીઆળીને સંમરામન પૂછવાથી તેને જવાબ દીધો કે "આતો ઘણુંજ બીગડી ગયું છે! જે કિંમતમાં તમોએ ખરીદયું હશે તેની બે-પટ દામ સમરામન પડશે." પેલો કોચીનો સાહુકાર ખુશ થયો અને બોલ્યો "વાહવા! ત્યારે તો મેં એના માલેકને બે ટોંશા આપી ખરીદયું હતું ત્યારે તમુને એની સમરામનનાં બદલામાં ચાર ટોંસા આપીશ."

જડજ: બંધવા, હવે તું તારો ગુન્હા કબુલ કરેચ કે નહિં?"

બંધવો: "નહિં, સાહેબ, મારા વકીલનાં બાપણે મને તદ્દન નીરદોષ સાબેત કીધો છે, હવે સાનો કબુલ કરૂં?"

એક જુવાન "હું સીરા, એ તારા બાપે બાગમાં એવું તે શું જોયુ કે મને તારી સાથ પરણુવા મના કરેચ!

જુવાન છોકરી (આંસુ લુછતી): "તમારામાં કાંઈ તેવું પાણી નહિં જોયું તેનીજ મોહકાણુ એવન હરકત લેચ તો ?!"

એક ચાકર (ગાંધીને): અલ્યાભાઈ તુ બરાબર તોલનીતો?"

ગાંધી (અફસોસથી): "અરે જા, મારા ભાઈ; ઉલટો તેમાં તને ગેરલાભ છે."

ચાકર "કેમ, કેવી રીત?"

ગાંધી: "જો શુ? ઉલટો હુ તને ઉંચકવાને બનતા લગી હલકું કરી આપુંચ, ત્યારે કે!"

ધણી—"એ કબાટની કુંચી મેં સવારે આપી તે ક્યા મુકી?"

ધણીયાણી—"ઓરડામા, ખુંટી પર મારૂં બદન છે, તેમાં મુકેલી છે!"

ધણી—(પાંચ મીનીટ પછી નીરાશીથી) "પણ, મને હવે તું કહેશે કે બદનાંનમાથી ગજવું કાંથી સોધું ?"

ગ્રાહક: "તમારો નોકર સાહેબ મારે ત્યાં ચાકરી રેહવા માંગેછ, તેની ચાલચલણની મને કંઈ આપ ખબર આપશો? તે પ્રમાણીક છે?"

દુકાનદાર: "મારી તો બીલકુલ ખાતરી નથી. આજ અકસ્માતું થયું મેં તેને તમારે ત્યાં વરસ દાહડો થયો ચહડેલા રૂપ્યાનું બીલ આપી મોકલ્યોચ, પણ હજી તે રૂપ્યા લઈને આવી મુવો નથી."

એક સમયે મધ્ય રાત્રીને વખતે કોઈએક કવી પોતાના ગામથી થોડે દુર આવેલા એક દેવાલયમાં જવા નીકળ્યો. ત્યાં જઇ ને જુવે છે તો બારણાં બંધ દીઠાં. તે ઉપરથી મંદીરના દરવાનને ઘણી ઘણી બુમો પાડી કમાડ ઉઘાડવાની આજીજી કરી પણ તેને બારણાં ઊઘાડયાં નહીં. છેવટે તે કવી નીરાશ થઇ વીચાર કરતો હતો તેવામાં તેને એક યુકતી સુઝી. પોતાની પાસેથી એક બેઆની કાઢી કમાડની જાળીના કાણામાંથી અંદર નાંખી. તેનો જગત મન ચળાવનાર પ્રીય અવાજ સાંભળતાંજ તેજ પલે કમાડ ઉઘાડયાં અને કવીરાજ ખુશીથી અંદર ગયા. જયાં ન પોંચે રવી ત્યાં પોંચે કવી. કવીએ વીચાર્યું કે મારા પૈસા લીધા તો આ મુર્ખને પણ તેની ખબર પાડવી જોઇએ. આવો વીચાર કરી એકદમ ઉભો થયો અને કહ્યું કે મારી ચોપડી બહાર ઓટલા ઉપર રહી ગઈ છે તે લઇ આવું આ સાંભળી તે દરવાન જેનું હૃદય પૈસાના મોહથી ભેદાઇ ગયું હતું તે ઊભો થઇ અતી ઝડપથી ચોપડી લાવવા બહાર દોડયો. તે મંદીર બહાર ગયો કે શીઘ્ર બુધ કવીએ તુરત કમાડ વાસી દીધાં. પેલો બીચારો આજુબાજુ ફાંફાં મારી થાકયો પણ હાથમાં કાંઈ આવ્યું નહીં ત્યારે પાછો આવીને જુવે છે તો મંદીર બંધ. ઉઘાડવાનું કેહતાં કવી અંદરથી બોલ્યો કે કોણ છે ? કેમ અત્યારે રાત્રી સમયે ગરબડ કરે છે? તારે માર્ગે ચાલ્યો જા. કામ હોય તો સવારે આવજે. પેલો દ્વારપાળ આ ઘાટ સમજી ગયો અને ઘણીએ બુમ પાડી પણ કાંઈ વળ્યુ નહીં. ત્યારે જે બેઆની લીધી હતી તે પાછી જાળીમાંથી નાંખી એટલે કમાડ ઉઘાડયાં. વાહ એ કેવી યુકતી !

એક અનાજના વહેપારીના ઘરમાં કેટલાક ઊંદરો પોતાનું રેહેઠાણ કરીને રહેતા હતા. જોગ જોગે એક સર્પરાજ પણ તેઓના રહેઠાણથી થોડેક દુર રહેતો હતો તે હરરોજ નીરભીક્ષ પણે તે ઊંદરોનો ભક્ષ કરતો હતો, તે ઉપરથી તે ઉંદરોએ એક દીવસ એક મીટીંગ બોલાવી પોતાના કુટુંબનો નાશ તે સરપરાજ કરે છે તેને માટે તેને સીક્ષા કરવાનો ઠરાવ કીધો. કેટલીકવાર વીત્યા બાદ એક ઘરડો ઊંદર બોલી ઉઠયો કે "ભાઈઓ સર્વે બેફીકર રહો ! એ લુચ્ચાનો ઘાત મેં ઘડયો છે" આથી કેટલાક અધીરા ઉંદરો બોલી ઉઠયા. "તમે કેવી રીતે તેનો નાશ કરવા વિચાર કીધો છે!" તે ઘરડો ઉંદર બોલ્યો. 'જુવો આ વહેપારીના ઘરના ચોકની મોરીમાં એક નોળીઓ રહે છે. તો આપણે આજે બે, ત્રણ, ઊંદરને મારી, આપણા રેહેઠાણથી તે, તે નોળીઆની મોરી સુધી અકેકો ઉંદર થોડે છેટે છેટે નાંખીએ પછી તે સર્પરાજ આપણા રેહેઠાણપર આવી મુવેલા ઊંદર ખાશે ને પછી આગળ જોતાં તેને બીજો માલમ પડશે એટલે તે તે તરફ જશે અને એવી રીતે તે મોરીને નાકે નાંખેલા ઉંદરનો આવીને ભક્ષ કરશે. એટલે હજુ મોરીમાં બીજા ઉંદરો હશે એમ લલચાઈને તે મોરીમાં પ્રવેશ કરશે, તો ત્યાં બેઠેલા નોળીઆનો ભોગ થયા વગર રહેશે નહીં; તે નોળીઓ એ દુષ્ટ સર્પને માર્યા વગર પાછો જવા દેશે નહી. કેમ, માહારી યુકતી તમારી ધ્યાનમાં આવે છેકે નહી ?" "સાબાસ ! સાબાસ ! " સઘલા ઉંદરે અત્યાનંદનો શોર મચાવી મુકયો.

એક વખત ધરમપુર સરખા શેહેરનો ચોધરી આપણા વડોદરા જેવા શેહેરમાં કાંઈ કામ પ્રસંગે જઈ પોહોંચ્યો શેહેરમાં પ્રવેશ કરતાંજ ચોધરી વિચારમાં લીન થઇ ગયો કે "હરે પરમેશ્વર, આવડા મહોટા શેહેરમાં છા.દ. દહીં, (છાશ, દહીં,) કીમ પુરૂં પડતુ હશે આ બધાંને!" એટલામાં રાજા સાહેબના હાથીને તેનો માહુત તળાવે પાણી પાવા લઈ જતો હતો તે આ ચોધરાભાઈને રસ્તે જતાં મળે, તેને જોઈ તે બોલી ઉઠયો "હારે હા, ખડેખાટ માહરા બાપ? મહોટા મોટા વાદળા જેવડા તો આંહીં હાલા ભેંશીના દેખું તો! એથીજ છાશ પુરૂં પડતું અહે"
કેનો બોલો! બીચારો ગામડે રહું તે સેહેરની વાત શું જાણે?

એક વખત કોઈ શહેર બહાર મોટો મેલો ભરાયો હતો કે જ્યાં હજારો લોક ભેગાં થયા હતા તે વખતે કોઈ એક જણે પ્રખ્યાત દંત કથા લખનાર ઈસોપને મેળામાં કેટલાં માણસ આવ્યા છે તે જોઇ આવવા મોકલ્યો તે મેળામાં જઈ આમ તેમ જોઈ ઘડી બે ઘડી ઉભા રહીને પાછો આવ્યો ત્યારે પેલા મીત્રે પુછ્યું કે "કેમ કેટલા માણસ આવ્યાં છે?" ઇસોપે જવાબ દીધો કે "માત્ર એકજ માણસ મેલામાં આવ્યો છે" તેના મિત્રે ઘણા જણને પોતાના બારણા આગળથી જતાં દેખેલાં તેથી તેને આશ્ચર્ય લાગ્યું તેને જાણ્યુ કે ઇસોપના બોલવામાં કંઇ ભાવાર્થ હશે તેથી તેણે ફરીથી પૂછ્યું ત્યારે તેણે જવાબ દીધો કે "બધા લોક જતા હતા ત્યાં આગળ રસ્તામાં એક મોટો પથ્થર પડયો હતો જે લોક આવે જાય તે તેની ઠોકર ખાય પણ છેવટે એક માણસ આવ્યો તેણે તેને દેખતાંજ ઉપાડી કોરે મુકયો માટે હું કહું છું કે મેલામાં એકજ માણસ આવ્યો છે."

એક સિપાઇયે અફસરને કહ્યું કે આપ મને ઓળખો છો? તેણે કહ્યું હું નથી જાણતો કે તમે કોણ છો. સિપાઈયે કહ્યું આપેજ એક વખતે લડાઇમાં મારો જાન બચાવ્યો. અફસરે પૂછ્યું તે કેવી રીતે? તેણે જવાબ દીધો કે, જ્યારે આપ મેદાનમાંથી નાસી ગયા હતા, ત્યારે હું પણ નાસી આવ્યો, નહીંતો તો હું મેદાનમાં રહી જાત તો કદી બચત નહીં. હું આપનો ઘણો આભારી છું કે આપના તેફૂલમાં મારો જાન બચ્યો. મિત્રો, આભાર તે એનું નામ.!

મી. પોત્યાંદાસ પેકનચંદ એક દીવસે એક જાહેર હોલમાં "સજ્યના જાલવવાના કાનુંનો" એ બાબતપર ભાષણ કરતા હતા. તે વખતે આપણા સોરાબજી સતાક પણ ત્યાં આવી બીરાજેલા હતા. હવે બન્યું એવું કે સોરાબજી ભાષણ સમજાતું નહી હોવાથી ઉંઘા થઇ સાંભળતો હતો. તેજ વખતે મીવા મારનેબાં નામનાં તેમની પાસેનાજ એક ગ્રહસ્થ તેના ભોગ જોગે સતાકની બાંય-પર પોતાનું માથું અઢેલીને સાંભળવા લાગો: એટલે સોરાબજી ને ચીડ થઈ આવી તરતજ તેણે ગજવામાંથી મોટો રૂમાલ ખેં-ચી કહાડીને તેની ખાંધે અઢેલી ઊંઘેલા પેલા ગ્રહસ્થ સાહેબના નાકપર ખુબ જોસથી લગાવી કાઢયો. પેલા તમાશગીર ગભરા-ટથી બશ જતો હતો, ત્યારે આપણા સતાકે એહલી ગુરદાઈ વાપરીને કહ્યું કે "માફ કરજો હું સોટ! મફ કજો, મારૂં નાક હશે કરીને ફીર લાગવાથી ભુલમાં તમારા નાકપર મરાઇ ગીયો."

વાહરે મારા બાંગર સતાક!

એક દીવસ એક મીયાભાઇએ અતીશય મહેનત મજુરી કરી દશેક રૂપીયાની એક વીંટી ખરીદ કરી તે પોતાની આંગળીએ ઘાલી રાખી. પછી તે મીયાભાઈને જે કોઇ રસ્તે જતાં ઓળખાણ વાળા માણસો મળે તેની સાથે વાતે વલગી પડે અને વાત કરતા વીંટી ઘાલેલી આંગલી આગલ બતાવી "ઈસ્કા યું હે ને તીસ્કા-ત્યું હૈ" એમ વારે વારે બોલી તે વીંટી બતાવે. પણ કોઇ માણ-સે તેને વીંટી ક્યારે ખરીદ કરી એ વિષે પુછ્યું નહી. તેથી એક દીવશે સવારે મીયાભાઈ ચલમ પીતા હતા ત્યારે વીચાર થયો કે "અરે ! અલ્લા? મહા મહેનતે પેદા કરેલી વીંટી, બે કોની તો કાંઈ બીસાતમાંજ નથી." એમ લાંબો વીચાર કરી પોતાની વીંટી લોકોમાં પ્રસીધ્ધ કરવા માટે જે ઝુંપડામાં તે રહેતો હતો તે ઝુપડું સળગાવી દીધું . જોતજોતામાં આગ ઝુપડાની ચારે તરફ ફેલાઈ ગઇ. તરતજ લોકો આવી પહોંચ્યા ને મીયાભાઈને પુછવા લાગ્યા "અમે જમાદાર એ આગ કીદરસે લગી " ત્યારે મીયાભાઈ પો-તાની વીંટી પહેરેલી આંગળી આગળ કરી બોલ્યા "દેખો સાબ, એ, ઈધરસે લગી, ફીર ઇધર આઇ ને તીધર ગઇ." એમ પોતાની વીંટી બતાવવા વારે વારે આગળી આગળ કરે. એટલામાં એક તેનાં ઓળખીતાએ વીંટી જોઈ પુછ્યું "અપે મીયા એ વીં-ટી કબ લી?" આ સાંભલી મીયાભાઇ બોલ્યો "કમનશીબ! મેરા ઝુંપડા જલા ગયા તબ પુછતા હે કે મીયા સાબ વીંટી કબ લી? તો મેરેકુ આગુસે પુછના હોતા તો એ ઝુંપડે મેં કાયકુ જલા દેતે."

એક ઉતારૂ (પોરટરને)—"પોરટર મને જે ગાડીમાં કોઈ બીડી નહીં પીતું હોય અથવા વાતો કરતું ન હોય, અથવા તો જ્યાં

ઉતારૂં આવ જાવ કરી ગાડી ઉંધાડ ઢાંક નહીં કરતા હોય તે ગાડીમાં મને બેસાડ." પોરટરે કહ્યું "વારૂ સાહેબ, માલગાડીમાં કુતરાંને માટે એક જુદી ગાડી રાખેલી છે તેમાં બેસો."

સુબેદારનું કોડું જોપ!—આગલના વખતમા ઇસ્પહાન શેહેરનાં સુબેદારે ત્યાંનાં લોકોપર એક મોટો કર બેસાડયો હશે તે માફ કરાવવા સારૂ ત્યાંનો એક ભાજીવાલો તેની કચેરીમાં ગયો અને વિનંતિ કીધી કે "સરકાર, મને આટલો કર માફ કરો. મારામાં તે આપવાની શકિત નથી."—"તે તારે આપવોજ પડશે" સુબેદાર સાહેબ મીજાજમાં બોલ્યો "એકતો તે કર આપ નહિં કર આ શેહેર છોડી સીરાજ જઇ રેહે"—"સાહેબ, ત્યાં જવામાં હાંસલ કાંઈ નથી. ત્યાં તમારો ભાઈ સુબેદાર છે?" ગરીબ ભાજીવાલો નરમથી બોલ્યો. તેપરથી સુબેદાર બોલ્યો "ત્યારે યજદ તરફ જઇને રેહ"—"ત્યાંબી પણ તમારો ભત્રીજો સુબેદાર છે?"—"યારે," સુબેદારે જવાબ દીધો "ત્યારે તો હવે ખાસ રાજધાનીમાં જઇને રેહે."—"સરકાર," ગરીબ ભાજીવાલાએ ધીરજથી પ્રતિઉત્તર દીધો કે "ત્યાંતો તમારો વડો ભાઈ મૂખ્ય પ્રધાન છો તે કરે ખરૂં. તમો ને તે [illegible] કેની?" "જા ત્યારે નરકમાં," ઉપલું બેઅદબી ભરેલું બોલતું ડોલા કકડાવી ગુસ્સામાંજ સુબેદાર સાહેબ બખા[illegible], પરંતુ પેલો ભાજીવાલો કાંઈ તેથી ખાંડયો જાય એવો ન હતો; તે સમયસુચકતા વાપરી ધીરજથી બોલ્યો "ત્યાં પણ જવામાં ફાયદો કાંઈજ નથી; સાહેબ! તમારા બાવા ત્યાં હાજર છો તેથી ત્યાં જવામાં ઉપયોગ શું?!!"

જરા સુબેદાર શાહેબનું કોડું તો જુવો!

એનું નામ તે યુકિત—ચાલીસેક વરસની વાતપર આપણા સૂરત શેહેરની પેલે પાર ભીખો ને સોમા નામના બે ખેડુતો રેહતા હતા. તેઓ એક એકના પડોશી થતા હતા પણ કટ્ટા દુશ્મન હતા; અને એવું સંભળાયુંચ કે ચૌદ વરસ સુધી તેવો એક એકસે બોલચાલ તો શું, પણ મોં જોવા વટીક પામ્યા નોહતા. ભીખો એક દીવસે પોતાના ખેતરમાના આઠ દસ ખુંટા કાઢવા ચાંચવો લઇ ઘરથી ગયો; પણ તે ઘણીજ મેહેનતનું કામ હોવાથી તે રહેવા દઇ તે ઘર પાછો ફરયો. રસ્તે આવતાં તેને એક યુકતી સોઝી કાહડી તે એકે પેલા તેના દુશ્મનપાસેજ પેલા ખુંટા કઢાવી લેવાનું કામ કલેવલે કરાવવું. આવો સરસ વિચાર તેને ધ્યાન આવવાથી તે ઘેરમાં આવી ખડીઓ કલમ લઇ એક કાગળ ચીતરવા મંડગો.

“ભાઇ સોમા,—હું એક ઘરડો મહાણે જવા જેવો થઇ રહેલો માણસ છું, અને તારા આગલ મારા પેટની વાત કઈરા વના હું ઈશ્વરની ગતીએ નહિ પોહચવાનો. જેરે હુ જુવાન હતો તેરે ફની તે મેં તારા ડોહા પાહેથી મોટી રકમ લુટેલી. હું અને મારા ભાગ્યાએ તેમાંથી પાંચ હજાર રોપીઆ, જે પાંચ એકર જમીન હાલ મારા કબજાનમાં છે તા ઝાડનાં ઓલા ખુંટા છે તીની તરીએજ દાટેલા છે. ખચિત તે ઝાડ તે મેં કપાવી કાહડેલા પણ ખુંટા હજી રહીલા છે. તાર પછી મારા ભાગ્યાને તો કોઇ ખુનના ગુનાહ બદલ ફાંસીએ લટકાવેલો, અને હું બી તેર પછી એક મોટી ચોરીની સજાએ કેદમાં પડેલો પણ હવે હું હમણાં લાંબે વખતે છુટેલોછું; નેથાને આવ મારી મરતી વખતે મારી ગઈ ગુજરીનો પછતાવો કરતોછું. આવ કાગળ હું એક માણસ મુકે મોકલુંછું તે તારૂં ઘેર જાણતોછે, તે તારે ઘેર આવી જઈને દેશે.

લ૦ પછતાવો [illegible] પી.

આપણા ભીખાભાઇએ આ તરકટ લખીને તેની ઉપર સરનામું પણ પોતાને હાથેજ કીધું, અને રાત પડી ત્યારે સોમાના ઘેર તરફ અંધારે ચાલતો આવ્યો. અને પછી આસ્તે રહીને એક બારણાની ફાટમાંથી કાગળ ઘરમાં સેરવી દઈ જીવ લેતો કે બાપડો તો નાઠો. સવારે ઉઠ્યો ત્યારે તેને સામેના ખેતરમાં નજર કીધી તો તેની અજાયબી વચ્ચે તેણે એકેએક ખુંટો રાતોરાત જડમૂળથી નીકળી પેરાન વીખેરાન પડેલો દીઠો. નારતો કરીને તે હંડે પેટે બચારો ખેતરે જવા નીકળ્યો, અને પેલા ખુંટાઓનો મોટો જેનો ભારો કરીને બાળવા માટે ઘેર આવ્યો. અને જ્યારે ભીખો આ પ્રમાણે ભારો લઈ ને સોમાના ઘર આગળથી ગયો ત્યારેજ તેને જાણ્યું કે તે કેવા ભોળાઈથી ઠગાયો હતો!

ચારેક સોબતીઓ સાથે મળી શેહેર બહાર હવા ખાવા જતા હતા. રસ્તામાં તેમને એક તેમના ઓળખીતો મળ્યો તેને તેમણે પુછ્યું 'કેમ, કયાં જાઓ છો?' 'હવા ખાવા જઈએ છીએ' આ તેને તેના સોબતીઓ તરફથી પ્રત્યુત્તર મળ્યો. આ સંભાષણ એક ભીખારી જે તે વખતે ત્યાં ઊભો હતો તેણે સાંભળ્યું. ભીખારીએ મનમાં વીચાર કર્યો કે આજે આપણે ભુખ્યા છીએ; કારણ આખા શેહેરમાં ચપટી આટા તોપણ પેટને પુરતુ મળ્યુ નથી, ને આ લોકો હવા ખાવા જાય છે તેમના ખાવામાંથી વધશે તો આપણને પણ થોડી મળશે માટે તેમની પાછળ જઈએ તો ઠીક. એવા ઈરાદાથી ભીખારીએ તેમની પાછળ પાછળ જવા માંડ્યું. તે ચાર સોબતીઓ બાગમાં આવી પોહોંચ્યા. ચંદનના મંડપ જ્યાં

ઉભા કરેલા છે, નાના પ્રકારના સુગંધીદાર પુષ્પોથી આખો બાગ બેહકી રહયો છે ત્યાં થોડીવાર બેસી આમ તેમ ફરી પોતાના ઘર તરફ આવવા નીકળ્યા. બીખારી પણ તેમની પાછળ પાછળ ચાલતો હતો. તેઓનું ઘર જ્યારે નજીક આવ્યું ત્યારે તેમનો એક બીજો દોસ્તદાર મળ્યો તેને તેમણે પુછયું 'કયાં ગયા હતા?' તેના સોબતીઓમાંથી એકે કહ્યું કે 'હવા ખાઈ હવે ઘેર જઈએ છીએ.' આ સાંભળી બીખારી બોલ્યો. 'સાહેબ આ જુઠું બોલેછે; આ બોકાએ કંઈ પણ ખાધુ નથી, કારણ હું તેમની સાથે બાગમાં હતો ને તેમની સાથેજ અહીં આવ્યુંછું.'

સેતાંન કોણ?—દેલાવરખાંન નામના બુઢ્ઢા કાજીએ એક દિ એવું સ્વપ્ન જોયું, કે જાણે એક દેત તેમની સામે આવી ડબરાવવા લાગો; કાજીજીને ગુસ્સા આવવાથી તેની દાહડી પકડી બે ચાર લપરાક જોરમાં ચોઢી કાઢી; પછી બોલ્યા "અએ શેતાંન મુજી, તું બધાનીજ સામે સરકશી કરશે? ચાલ કાળું કર ત્યાંથી?', આટલુ બોલી બીજા તમાચા તડાક તડાક ચોઢી કાઢયા. હવે ઉંઘમાંથી ઉઠયા તો જોયશું ! એક હાથમાં પોતાનીજ દાહડીને બીજા હાથે પોતાના ગાલો લાલચોલ કરી મેલેલા જોયા !

ઘરાક: "શું અસ્રાને ઘસીને થોડાવાર મેલી રાખ્યો હોય તેથી તેની ધાર સુધરે?"

હજામ:"હારે, સાબ,"

ઘરાક: "ત્યારે તો તું તારે એક બે હજાર વરષ સુધી એકને એક ઠેકાણે મેલી રાખીજો."

તેણી: "શું ત્યારે તમે તમારી દીકરીને જુદી જુદી ભાષાની કેળવણી આપશોની?"

મહાન પુરૂષ: 'નહિં રે જી; ઓઓ માટે એક ભાષાજ ઘણી થઇ ગઇ."

દીકરી (બાપને): "આજે પાસેની પીલીએ મને કહ્યું કે હું 'લેડી' (સભ્ય સ્ત્રી) નથી."

બાપ (ગુસ્સાથી): "એમકે? અને તેરે દીકરા તેસું પછી કીધું?"

દીકરી: "મેં છે તે કરીને એક જોસથી 'સલેપ' ખેંચી કાઢીને રાનનું નાખ–આંખ સૌ નમોરી કાડયું!"

કર્તા: "એ કાવસ મારા ખેલ બે શું બોલતો હતો?"

રૂસ્તમ: "એ બોલતો હતો ખરો કે, નહિ દોસ્ત ગેઇ રાતના ખેલના પૈસા તો વસુલ છે."

કર્તા: "બીજું કંઇ?"

રૂસ્તમ: "અરે, હા; ને [illegible] તું કે ગેઇ રાતે [illegible] મારે વરે ટીકીટ મોકલવાની મેરબા[illegible]ધીતી તે માટે તમારો ઊપકાર માન્યોચ."

વાણી: "સુનઈ, તારો દીકરો બહુ ઉદ્યોગી જણાયચ."

ઘરાઆણી: "હા, છેક રાત પરેચ ને સુવાનો વખત થાય [illegible] તેરેજ હમેશ કંઈ ને કંઇ એને કરવાનું સુજ પરેચ."

દોરાબ—"દોસ્ત પેશી, તેં કોઈ જગે પુછડાં વનાના વાંદરા જોયલા કે?"

પેશી—"અરે હારે દોસ્ત, આએ શું હાલ તે જાતમાંનું એક મારી સાંમેજ બરોબર બેઠું છે."

બાવા—"દિકરા શોહરાબ, તારો નવો માસ્તર તને પસંદ છેકે નહીં ?"

દિકરો—"હા બાવા, હમણાંના હમારા માસ્તર હમુને બહુ ગમેચ ! કારણ તેવણ અઠવાડયાંમા ચાર પાંચ દહાડાબી સીક પડેચ !!!"

પેહલો દોસ્ત—ડીઅર કાવશ, તારા ઘરનાં ઘરાક તરીકે એક સખસને શોધ્યોચ ?

બીજો દોસ્ત—અરે યાર, બે દિવસ અગાઉથીજ કાંય નહીં બસી મુવો !!

પે૦ દો૦—કાંય? તે શું કોઈએ વેચાતું લીધું?

બી૦ દો૦—હા દોસ્ત ગઈ કાલેજ માહરા માંગનારે કોરટમાંથી હુકમનામું અપાવી બેલીફ પાસ લિલાંઉ કરાવ્યું !!!

બે જોડયા ભાઈઓ એકમેકના ચેહેરામાં એટલા તો મલતા આવતા હતા કે શેહેરના લોકોને તેઓને જુદા જુદા પિછાનવામાં બહુ મુસ્કેલી પડતી. એક દિવસ તેમાંનો એક મરણ પામ્યો હતો ત્યાર બાદ થોડા દિવસ રહી તેનો બીજો ભાઇ રસ્તે જતા એક અકલના ઓઠમીરને મલ્યો જેણે તેને પુછ્યું કે, "અરે તે દિવસે તમોમાંથી કોણ મરણ પામ્યું? તું કે તાહરો ભાઈ?"

માજીસ્ટ્રેટ—"તને આરોપીએ માર્યો ત્યારે ત્યાં કોણ સાક્ષી હાજર હતા?"

ફિરયાદી—"અરે સાહેબ હું પોતે હાજર હતો, બીજા તે કોણ હોય! અને બીજા જો મારી સાથે હતે તો એની માયે તે શું સુંઠ ખાધી કે મને મારી જતે!!!

રૂસ્તમ શેકડયો—"દોસ્ત ફ્લી, મારે એક ઘણીજ ખાનગી વાત તને કેહવી છે?"

ફ્લી—"હા દોસ્ત કાંઈ ઉછીકું નહીં માગવાનો હોય તો બેલાશક બોલ!!!"

ગામડેથી એક માતબર પારસી શેઠયો મુંબઈમાં પોતાનાં સગાને ત્યાં જઈ ઊતર્યો. રાત્રે 'બ..બા' (દારૂ) સારૂં સગાએ એક 'વાઇન ગ્લાસ' તેની સામે મૂકયું, પણ આ બિલ્લુ એક બાટલીનું ઘરાક! તેને આ ગલાસ જોઈને બાવરચીને બુમો પાડી કહ્યું, "એઈ દોસા, દોડ તો, આય જે ડોલા જેવડું ગલાસ છે તેની હાથે એક દોરી બાંધતો! નીતો કે જો હડરીનું ગલાસબી હાથેજ હકસા (ગલા)માં આખુંને આખું ગલાઇ જવાયું તો પંચાત!"

અસીલ—(વકીલને)—શેઠ, મારે એક સવાલ પુછવો છે.

વકીલ—પણ તેનો જવાબ દેવાની ફી રૂ. ૨) છે.

અસીલ—જ્યારે ફક્ત જવાબ દેવાની તમારી ફી રૂ. ૨) છે તો તે જવાબ સાંભળવાની મારી ફી રૂ. ૪) છે!

બાપ " તું તો મારો ડાહયો દીકરો છે. ચાલ, જોઉં ચતો દવા પીજા, લે એક દોરીયું સો આપશ"

દીકરો (છ વરસનો) " નહિ, બાવાજી; તમેજ પી જાવો, હું તમુને એતને બદલે બે દોરીયાં આપશ."

કેમ, હવે તમે શું કરોચ ? " એક માણસે પોતાના દોસ્તદારને પુછયું.

" જો, આપાણું તો લખવાપર હમણાં રહું ગબરયું જાયચ"

" શુ, વળી કાંઈ અઠવાડમાં કે રોજીંદા પેપરનો રીપોર્ટર બીપોર્ટર થગોચ કે ? "

" નહિં, રે; ફકત મહીનામાં બે વાર જરા મારા બાપપર રૂપ્યા વિશે બે બોલ લખ્યા કે વળી મહીનો ગબરયો."

એક માણસ " લેવો સાહેબ, આ તમારા છોકરાને તપાસી જોવો. દરીયામાં ડુબી જતો હતો ત્યાંથી બંચાવી લાવ્યોચ "

બાપ (પેલા સખસ તરફ વાંકો વળી) "તમારો મોટો ઉપકાર માનુંચ (છોકરા તરફ ફરી ધમકાવતી ઢપે) કંઇ નહિં, સાંબ જરા એને ડુબવા ગયા નહી દીધો કે ફરી એમ કરતે નહિ. હવે કોઇ દહાડે. બરાબર તરતાં આવડયા વગર પાણીની અડસેબી જવુંચ કે? બોલ જલદી."

પતીઆલાના ડાકટર પરવારતા ભાઇ ઝોકાખાડિશા એક પ્રખ્યાસી વૈદ હતા. તેઓ ચતુર તથા તરકટયા હતા. જેથી કરીને

તેવણુ કોઇ અજાણ્યા શેહેરમાં જ્ને કુતરી પડતા તો ત્યાં પોતાનો કુતરો ખોવાયો છે એવો જાહેરખબર ઢંઢેરો ફેલાવતા. અને જે તેને લાવી આપે તેને રૂ. ૨૫૦)નું ઈનામ આપવા કેહતા.

ડાંડી પીટનાર ડાકટરના નામ નીસાન, ખેતાબ વાગેરેનુ ચોક્કસ વર્ણન મોહલ્લે ને સેરીઓ કેહવા મુકરર કરતો હતો જેથી પરીણામ એ થયું કે સઘળે ડાકટરની જાહેર ખબર ફેલાઈ ગઇ અને લોકોમાં એમની વાત ચાલી રહી કે "અમે સાંભલીયું કે, હમણા એક ડાકટર આયોચ, જે ઘણો હોસ્યાર છે. તે સાથે તે એટલો પૈસાદાર છે કે તેનો એક કુતરો ખોવાગો છે જેના માટે રૂ ૨૫૦)નું તો ઈનામ આપવા કાઢયુંચ." અને આવીજ રીતે સૌ એક એકમાં વાત કરતા રહ્યા.

કુતરો બુતરો કાંઈ મલ્યો નહિં, પણ દરદીઓનો ઢગલે ઢેર ડાકટર આગળ આવવા લાગ્યા.

એક સખસ "એ આજે એમ કાંય, પેસી; કાંઈ ગેઈ રાત્રે ઊજાગરો કીધો તો શું?"

"નહિં રે. પણ તું જાણેચ કેની કે મારી રાનને રાત્રે મારાં ગજવાં ખોલવાની ટેવ પડીચ, અને તેથી મેં વિચાર કીધો કે આજે આપરે તેનાં ગજવાં ખોલ્યે. ને તે ભરોસે છેક રાત્રે બે વાગા ત્યારે તેણી ઉંઘાઇ ગઈ ત્યાં સુધી મને જાગવું પરયું."

એક સખસ "હં, તે પછી કાંઇ પાની કીધું ની!

"કંઈ ધુરબી રાનના ગજવામાંથી તો નીકળી નહિ!"

એક સ્ત્રી (રેલવે ટ્રેનમાં પોતાના વ્હાલા કુતરા સાથે) "સાહેબ, જો તમો હું એક બાઈ માણસની કસી દરકાર નહિ કરતાં આમ બીડી પીયો છો તે તો કંઈ નહિ, પણ આય ગરીબ મુગાં પ્રાણી વિષે તમારા પથ્થરના હઈડામાં જો કાંઈ દયા હોય તો હાલ બંધ રાખો જુઓ એ વાચા વગરનું પ્રાણી મુગે મોહડે ખમેછે."

એક નાટકશાળાના દરવાજા પર મોટા હરફે એમ લખ્યું હતું કે "હયાં હવા (પવન) સિવાય કોઈનેબી મફત આવવા દીધામાં નહિં આવશે."

એક દોસ્ત (**બીજાને**) "અને તુને પેલાએ તમાચો મારયો તે મુગે મોહડે તુ ખમી રહયો! તેંબી કાંય નહિ એક જોરથી લગાવ્યો?"

બીજો દોસ્ત "વિચાર તો ઘણો બી મારવાનો થયો, પણ વળી એમ ધારયું કે એ તો પાછો આપનો વારો (ટર્ન) આવે, તેથી માંડી વાલ્યું."

જન્મ મરણની નોંધ જેમ પેપરોમાં સાધારણ રીતે લેવાયછે તેમાં આ એક જન્મની નોંધની નવી રીત નીચે પ્રમાણેછેઃ

"મી॰ ગોલાંટબાઉ ભોંયપરશંકર (ઉંમર દીવસ ૮ના) ખુશી સાથ જણાવેછે કે તેવણનો જન્મ ગયા અથવાડયાંની સરૂઆતમાં થયો છે. તેવણ તથા તેવણને જન્મ આપનાર બન્ને હાલ સારી સુખાકારીમાં છે."

"આંધળા, તું શું ધંધો કરેચ?" એક પોલીસકોર્ટમાં માજીસ્ટ્રેટે આંધળાને પુછયું.

"અવલોકન કરવાનો- ઉંડીનજરે જોતો ફરૂચ, સાહેબ."

"એટલે? અવલોકન તે શું?"

"આપણી બેદરકારીને લીધે કરાને જેવી બીજ રાતની વખતે ચોરાઇ શકાતી હોય તેને દીવસની વખતે બારીકાઇથી નજરમાં રાખી મેળવવું તેનું નામ અવલોકન."

માજીસ્ટ્રેટની કમ બેદરકારીને લીધે તે અવલોકન કરનારને બે માસ હવા ખાવા મોકલી દીધો.

કોઇ દારૂડયો એક દીવસ કાલી સીસી લાવી તેમા દારૂ લેવા આવ્યો મેં છે તે ભરી આપ્યો. અને પછી તેને પૈસા કહાડવા ગજવામાં હાથ નાખ્યો. પણ તેટલાં તો જાણે તેનો બાપ મરી ગયો હોય તેમ મોંહ કરી બોલ્યો કે પૈસા ખોવાઇ ગયા.

'ઠીક' કહીને મેં તો સીસી ખાલી કરી આપી અને તે સખસ બાટલી પાછી લઇને, હમણા આવુંચ કહી જતો ગયો

તે પાછો આવયો નહિં, એમ છતાં, પાંચ મીનીટ પછી મને માલમ પડયું કે તે લુચ્ચાએતો ત્યાંજ કેડે ખુનામાં બેસી તે બાટલીમાં લાકડી ચાલાચાલીને એકાદ ગલાસ ભરાય એટલો દારૂ કાઢયો

તરતજ મેં બાટલી લઇને તપાસ કીધી, તો મારી અજાયબી વચ્ચે મેં જોયું કે તે બાટલીમાં તો એક વાદલી ઘાલત.માં આવી હતી, અને તેટલામાટે તે વાદલીમાં ગલાસ એક દારૂ રેહવા પામ્યો હતો.

મહાન ગુરૂ મીલટનને કોઇએ સવાલ કર્યો કે એક પુરૂષ ચઉદ વરસનો થાય તો ગજા થઇ શકે પણ અઢાર વરસનો થયા વગર તેનાથી લગ્ન થઇ શકે નહીં. એવો કાયદો રાખવાનો અર્થ શું? એ ઉપરથી તે મહાન ગુરૂએ જવાબ આપ્યો કે "એક દેશ પર રાજ્ય ચલાવવાનું સેહેલું છે, પણ એક સ્ત્રીને તાબે રાખી તે ઉપર અમલ ચલાવવો એ મુશ્કેલ છે."

પરણવાની ઉમેદવાર એક તરૂણ અબળાને એક પરણેલી સ્ત્રીએ કહ્યું કે લગનની બેડીમા પડવાને બદલે એક ઊંચા ખડક ઉપરથી પડવુ અગર કુદી ખીણને તળીએ દટાઇ મરવું એ વધારે સારૂં છે તે ઉપરથી તે ઉમેદવાર અબળા બોલી "આવા ખડક જો મારે મનગમતો ખાવિંદ તે ખીણમા મળે એમ હોય તો હું તેમ કરવાને પણ કદી ચુકું નહીં."

એક ચોર—(ચાકરને) આજે આપણે તારા શેઠની તીજોરી ફાડીએ.

ચાકર—તારે, ભાઇ, એમ કરીએ તો પછી તુને ને મને અગીઆરીના (બંદીખાનામા) જવુ પડે

ચોર—જઇશું તો ત્યાં સારૂં સારૂ ખાવાનુ મળશે ને અહીંયાં તો તુને તારા શેઠ વધેલું ખવડાવે છે, માટે મેં દશ વખત મુલાકાત લીધી છે

ચાકર—ખાવાનું તો સારૂં છે, પણ પગાર કોણ આપશે.

ચોર—તારી પતરાજી મુકી દે, નહિ આવે તો તારી મરજી, પણ હું તો અગીઆરમી વખત મુલાકાતે જવાનો ને ફર જવાનો.

બેરીસ્તર—તે દહાડે તારી સાથે કોણ હતું?

સાક્ષી—મારી સાથે મારો એક દોસ્ત હતો.

બેરીસ્તર—દોસ્ત! હું ધારૂંછ કે તે પણ ચોર હોવો જોઇએ.

સાક્ષી—હોય, એમાં કાંઈ ફરક નહીં, કારણ કે તે પણ બેરીસ્તર છે.

મનચેરશાહ—બાનું, પરણી રહ્યા પછી તારી સાસુને પગે લાગતાં શરમાઈ કાંવ?

બાનું—મારા વહાલા મનચી, એ તો પેહેલી વખત ઘણાં માણસોની ગીજલસ હતી, તેથી હું શરમઈ, પણ બીજી વખત થોડા માણસો આવશે કેની, ત્યારે હું એકને બદલે બે વખત પગે લાગસ.

કાવસ—એ વરી કાંહ આય કરી આયો?

ગરગરદાસ—વરી શું થયું.

કાવસ—આય શું ટેં થઈ–કેટલોએક ઢીચી આયોચ?

ગરગરદાસ—એ તો તમારી તદન ભુલ છે, તે–તે–તે દા'રે તમે ન–નહિં કહ્યુંતું કે મારી શરદીની દેહને લીધે મ-મારે ઉંચો વીસ્કી પીવો

કાવસ—પણ મેં તમોને ફકત એક ગલાસ લેવા કહ્યું તું.

ગરગરદાસ—હા, વાજબી છે, તમે એકજ ગ્લાસ લેવા કહ્યું તું તે હું કયાં ના કહુંછું. પેલા સોરાબે મને એક સાથે લેવા કહ્યું પછી પેલો બીજો કોન જો, સારૂં નામ યાદ નહિં આવતું, તેને મને એક લેવા કહ્યું, અને એમ તો બીજા અગ્યારેક જણાએ એક એક મને લેવા કહ્યું. અને મેં મારા ખરચથીબી એકેક કરીને ચાર લીધાં. કેમ ઠીક કેની?

ટોમ—ચાર્લીએ નવ કલાકે હ્યાં આવવાનું મને વચન આપ્યું છે ને નવ તો થવા આવ્યા.

જેક—તમે ધારોચ શું કે તે ખચિત આવશેજ?

ટોમ—અરે, હા ખચિત, મારી પાસથી તે ઉલટો પૈસા ઉછીના લેવા આવવાનો છે. આપવાનો નથી.

એક બાઈ ઈચેંજર બાજારમાં પોતાની આયા સાથે કોઈ મોટું જેવું પુતળું યાં રમકડું ખરીદ કરવા ગઇ. તેટલા તે દુકાનની અંદરના ઊંચી જગ્યાપર મોંના માથા સાથનો ખુરસીપર બેઠેલો આકાર જોઇ કાઉન્ટરને પુછ્યું.

"પેલાં જેપાનીસ પુતળાંની શું કીમત છે, સાહેબ?"

તે કાઉન્ટરે જવાબ દીધો કે "અરધો લાખ રૂપીઆ કીમત છે, બાઇ; એતો જાતે માલેક છે."

કોઇ રખડતો રઝલનો છોકરો જે ખલાસી જેવો પોસાક પેહડી એમથી તેમ ભીખ માંગી ફરતો હતો તે એક દહાડો એક સખી ધરમાતુ બાઇના ઘેર આગળ આવ્યો. તેને કાંઇ ઠગાઇ કરી તે બાઈનું દીલ પીગલાવવા વીચાર કરીને તેણી બેઠી હતી ત્યાં બારી આગલ જઇને ઘાસ ખાવા માંડયું. તરતજ તેણી બહાર આવી તેને ઘાસ ખાવાનું કારણ પુછ્યું, જેપરથી તેને જવાબ દીધો કે મને કાંઇ ખાવાનું મળતું નથી.

"એમ કે? ગરીબ બીચારા ભીક્ષુક, ચાલ આવ મારા ઘરમાં' એમ કહી તેને આગલે બારણેથી ઘરમાં લાવી હૉલમાં થઇને પાછલે બારણે લાવી દરવાજો ખોલી બોલી "જા, બહાર જા, હ્યાં તને જોઇયે એટલું ઘાસ ખાવાનું છે."

ધનજીશા ધનપાલશા કરીને એક ઘણા રમુજી અને તરંગર શેઠીઆ હતા. એક વખત તેઓની ખીદમતમાં રેહનાર નોકર કાંઈ કામસર બહાર ગયો હશે તેથી કરીને ત્યાં આગલ ઉભેલા પોતાના ગાડીવાળાને બોલાવી થોડુંક પાણી સામેના કુવામાંથી ખેંચી લાવવા કહ્યું. જે ઉપરથી તે કોચમેને આનાકાની કરી કહ્યું કે; સાહેબ મારૂં કામ ફક્ત ગાડી હાંકવાનું છે, એમ ધકેલા ખાવાનું નથી.

જેથી ધનજીશા શેઠ બોલ્યા—ઠીક ત્યારે, તબેલામાં જઇ ગાડી જોતરી લાવો, અને એક તાંબાનો ઘડો તથા દોરડું સાથે લઇ લેવો ને પેલા સામેના કુવા આગલ હાંકી જાવો, હું આવુંછ.

આ વાતની તેવનના દોસ્તદારોમાં તથા ગામડામાં ખબર થવાથી કેટલાક શેઠીઆઓએ પણ પોતના ચકાસેલા નોકરોને એવીજ રીતે જેર કીધા છે.

"સાહેબ" એક શીખઉ છોકરાએ પોતાના માસતરને કહ્યું, "જ્યારે એક ઘણોજ હુસ્યાર અને એક તદન બેવકુફ સખસ એક ઓરડામાં હોય, અને તેમાંથી એક હોસ્યાર સખસ જો જતો રહે તો ત્યાં બાકી કોણ રહે?"

"વળી બેવકુફ એક હોય તે રહે?"

"ત્યારે, સાહેબજી" તે છોકરો સલામ કરી જતો રહયો.

"ડાકટર, સાહેબ, મને સાંધીવાનો કંઇ ઇલાજ બતાવશો?"

"હા, પણ આવ છેલ્લાં ત્રીસ વરસ સુધીમાં તમારે દારૂ બીલકુલ પીવો નહિ જોઇતો'તો!"

માણેકચંદ—અલ્યા છગન તારો બાપ મરે તો બારમું આણી.

છગન—મારો બાપ તો આજ કેટલાંક વરસ થયાં મરી ગયો છે તે હજી પાછો આવ્યો નથી, પણ લખેછે કે આવતા મેલમાં આવીશ. પણ ભાઈ તમારા બાપા ઘણાજ વૃદ્ધ થયા છે તે જો ધપી જાય તો આપણી નાતને ખાવાનું થાય.

માણેકચંદ—અલ્યા ગાંડા, છગન, તારો બાપ મરી ગયો છે તે શું કાંઈ પાછો આવવાનો.

છગન—કાંઇ વાર નથી, આવતા મેલમાંજ.

માણેકચંદ—કેમ કાંઇ છગના, તારૂં ખસી ગયું કે.

છગન—લે જો, આ હમણાજ કાગળ આવ્યું તેમાં લખે છે કે આજ આવેનારછે તેથી હું તો તેમનેસ્ટીમરપર લેવા જાઊંછું.

(એમ કહી બાપને સ્ટીમરેથી લઇ આવ્યો)

માણેકચંદ—હા ભાઈ, આતો ખરી વાત. તારો બાપ તો ખરેખર આવ્યો, ત્યારે હવે હું મારા ડોસાને મારી નાખું કે તે પણ પાછો આવશે. (એમ કહીને ડોસાને તો હંમેસની સુણી દુન્યામાં પહોંચાડયો.)

(પણ મુરખ કાંઈ સમજ્યો નહીં કે મરી કરીને ગામ છે ત્યાં ગયો હતો તેથી તે પાછો આવ્યો. પણ આને તો મારીજ નાંખ્યો તે કયાંથી આવે? માટે વગર સમજનું કામ કરવું નહી)

શીક્ષક—કેમ છોકરા, આજે લેસન બરાબર ન કર્યું?

શીષ્ય—સાહેબ મેં સાંભળ્યું છે કે વાંચવાથી આંખને નુકસાન થાય છે અને મારા બાપા મને વારંવાર કહેછે કે શરીરના બધા અવયવો કરતાં આંખની જતન વધારે કરવી.

ભાષણ કર્તા—"સદ્‌ગ્રહસ્થો, આજે જુઠું બોલવા વિષે બે બોલ બોલવાની રજા લઊંછું." કહીને ભાષણ કરવા માંડયું. જેવું તેણે બે બોલથી વધારે લંબાવ્યું કે તુરતજ પ્રમુખે ઉભા થઈ કહ્યું "દીલગીરછું, સાહેબ, કે તમો બે બોલ બોલવાની રજા લઈ વધારે બોલોછો."

માય:—"શાવક, તારા નાહના ભાઇને તેં કેકનો છેક નાહનો કકડો કાંય આપ્યો? તેં તારે મેં એને વાસ્તે આપ્યો'તો તે ભાગ કાંય નહિં આપ્યો?"

શાવક:—"નહિં માય, મેં એને જે પસંદ આવે તે ભાગ લેવા કહ્યું હતું. નાહનો ભાગ લે, નહિં તો કે સમુળગો ના લે. અને એને તેમાંથી નાહનો ભાગ કબુલ રાખ્યો.

મુસાફર (પોતાનું બીલ હોટલવાલાને દેખાડીને) જરા એમ આનો તો, આય શી વાત છે? એક રાત બીછાનાપર સુવાના તમે ચાર રૂપ્યા ચાર્જ કીધોછે, અને હું તો એક કલાકબી બીછાનાપર નથી સુતો, પણ રાત બધી આય બીલ્યર્ડ ટેબલપર તો સુતો હતો.

હોટલવાલો માલેક—એમ કે, ત્યારે તો બીલ્યર્ડ ટેબલના ઉપયોગ માટે તો અમે કલાકનો એક રૂપીયો લઈએચ, સાહેબ સમજયાની?

મા—મેં તેને તુને 'કીસ' લેતાં જોયો. હું ખચીત અજબ થાઉંચ કે તેની શું સત્તા, ને એટલી હીમત?

દીકરી—ખચીત હુંબી અજબ થાઉંચ કે મેં તેને એક લપરાક લીધી તોબી મુઓ તે બ્હીધો નહિં.

પાલનજી પરવારતા સપ્પર પેહેલા દરયાની મુસાફરીએ જવા નીકળ્યા. જતી વખતે તેવણના એક દોસ્તદારે થોડું દરીયાનું પાની બાટલીમાં લાવવા ભલામણ કીધી તે મુજબ તેવણે મુસાફરીથી પાછા ફરતી વખતે એક બાટલી પાણી ભરી લીધું.

"એક ઉપર વેર ના ભરો શેઠ" એક ખલાસીએ કહ્યું. "કારણ હમણા તો પાણી ઉતરતાં છે, પણ જ્યારે ભરતી ચડશે ત્યારે બાટલી ઉભગાઈને ફાટી જશે."

પાલણજીની બરાબર ખાત્રી થવાથી અરધી શીશી ઘોળી નાખી.

બાપ—(ડોળા કકડાવી) આજે માસ્તર આગલ જુઠું કાંય બોલ્યો?

દીકરો—એક બીચારાને શીક્ષામાંથી બચાવવા માટે.

બાપ (નરમ પડી જઈ)—હું ધારૂંચ કાંઈ ગુનાહમાંથી બચાવા માટે હશે. તે કોણ હતો જેને તું શીક્ષામાંથી બચાવવા માંગતો હતો?

દીકરો—હું પોતેજ

શેઠ—તેં પેલા દુધવાલાને કહ્યુંતું કે કાલે જે દુધ મોકલ્યુ તે તદન ખરાબ હતુ?

ચાકર—હા, સાહેબ.

શેઠ—ત્યારે તેને શું કહ્યું?

ચાકર—તેને કહ્યું કે ગેઈ પરમદીને સાહેબ તમને આપ્યું તું તેમાનુંજ તેની વધેલું હતું, તે આપ્યું, અને તે દહાડે તો તમે કંઈબી ઠપકો નહિં આપ્યો તો.

"ડાકટર" એક જુવાન માણસે દાંતના ડાકટરના દવાખા-
નામાં આવી કહ્યું, "સાહેબ, હું એક દાંત કઢાવવા ચાહુંચ"

"જોઊં, મને દાંત દેખાડો," ડાકટરે તેના સુખવાસી ચેહેરો જોઇ હાથમાં હથ્યાર લેતાં કહ્યું.

"આય ઊપલી હારમાંથી તમારે ગમે તે એક ખેંચી કાઢોની સાહેબ," તે માણસે એક આરામચેરપર બેસી જઇ જવાબ દીધો.

"પણ કયો દાંત દુખતો છે?"

"કાંઇબી નહિં, દુખતો તો એકબી નથી. કેમ તમે જલદી આગ હારમાનો એક ખેંચી કાહડોચ ના?"

"મને શું? તમે જાણો," અને એમ કહી ડાકટરે પેલા હથ્યાર વડે આગલોજ દાંત ખેંચી કાઢયો, જ્યારે તે માણસ ડાકટરની ફી આપી ચાલી જતો હતો, ત્યારે ડાકટરે પુછ્યું—

"વારૂ, મને કે'શો એ સારો દાંત કાંય કઢાવી નાખ્યો?"

"થરૂ તેઊં થાબ," તે માણસે તોતડે પણે જવાબ દીધો. "શાએબને તેઊં, હું થેતે એત ભાથનતત્તાની ઘથોએ આથે રાતે નાતનમાં થોરૂં ભાથન તરવાનો થેઊ તેથી તને મતુધે ધરા એમ તરવું પડયું થે થાએબ, હવે હું બરાબર તોતરો લાધું ત તેની?"

એમ કહી ને ડાકટરને તેમની અજાયબીમાં મુકીને ચાલતો થયો.

દાકતર—તમોને કહેસે વખતે આય ગોળીઓ લયા કરજો, અને તમારી ખાંસી બેથી ત્રીજે દહાડે નીકળી જશે."

દરદી—તમોનેબી ડાકટર ખાંસી થયલી લાગેચ.

દાકતર—હા, મને આજ ચાર અઠવાડયાં થયાં ઘણી સખત ખાંસી થઈ છે.

શીરીન—મેં સાંભરયુંતું કે તુંતો સોરાબને ધીક્કારતી'તી, ને પાછો તેંજ વળી તેને કબુલબી કીધો.

નાજાં—હજીબી ધીક્કારૂંચ; પણ એતો તે દહાડે અમે સાથે બૅન્ડ સ્ટેન્ડપર ગીયાં, તેટલાં મુઓ વરસાદ તુટી પડ્યો, ને મારી પાસ તો છત્રીબી નહિં, તેથી કરીને મને તે કે'વા લાગો કે જો તું મને નહિં કબુલ રાખસે તો હું તુંને રસ્તા વચ્ચે મુકીને ચાલ્યો જાવીંચ, ને મેં મારી હોજરયાંની નવી ને નવી સાડી બગડે તેથી કરીને હા કહ્યું, ને બેઉ જણા છત્રીમાં આવ્યાં.

એક ડાકટરે એક વીધવાપર દવાનું બીલ મોકલ્યું તેમાં એમ લખ્યું કે:

"તમારા ભરથારને મરતાં સુધી સાજા (સારા) કરવા માટે દવાના રૂ૨૫)."

એક સખસ—(એસકી પોરયાને) માફ કરજો હોં બાબા, તમારો 'નેકટાઈ' ક્યારની વાત થઈ બધો ડગલામાંથી બાહાર ગરદનપર નીકળી આયોચ. હું કેહવાનો તો ક્યારનો હતો પણ મકુંજે સામે બેઠેલી લેડીઓની ગમ્મતમાં વળી હરકત થાય તેથી કરીને નહિં બોલ્યો.

એસકો પોરયો—'થેન્ક યુ' (માફ કરજો) મીસ્તર, પણ તે ચાકલાક થયો, આ તમારા 'ઓવરકોટ'પર પછાડીથી પેલા લાન્ટરના ડબ્બામાંનું બધું તેલ ટપકેચ, તેની ખબરજ નથી શું? હું મકુંજે આય પછાડીવાલાઓ ક્યારના હસેચ તે લોકના રંગમાં ભંગ થાય કરીને બેસી રહયો.

"ગેઇ રાત્રે મને એક સરસ સ્વપ્નું આવ્યું હતું" એક બૈરીએ નાસ્તાની ટેબલપર પોતાના ભરથારને કહ્યું.

"તે શું હતું, વાહ્લી?" તેના ભરથારે પુછ્યું.

"જાણે કે મેં સ્વપનો જોયો તે એમ કે હું જાણે એક વીધવા હતી ને એક ઘણુંજ તવંગર માણુસ જોડે પરણી ગઇ."

સાંભળનારે બીજેજ દાને કોર્ટમાં જઇ તેણીસે છુટા છેડા કીધા.

એક શખસ—ગેઇ કાલે કોઈ દેખાવડા ગ્રહસ્થ સાથે તમે વાત કરતા હતા તે કોણ હતો?

બીજો—તે તો આપણા બંદરનો મોટો તવંગર શેઠીયો છે.

એક સખસ—હા, દેખઈતોજ તે શેઠયા જેવો છે, મને જરા મેહેરબાની કરી તેની સાથ ઓળખાણ કરાવશો?

બીજો—નારે ભાઈ, હુંજ આજે તેની પાસથી નાણાની થોડીક રકમ ઊછીની લેવા જવાનો છેઉં.

હાલ સીફીલ્ડમાં રેહતા એક માણુસ વિષે એવી વાત કહેવાયલી છે કે, તે એક કુટુંબની ત્રણ બ્હેનો જોડે પરણી ચુકયો હતો, અને ત્રીજીને પેલી જેહાન વીદાય કીધા પછી તે પેલા બુઢા બાપની એકજ છોકરી જે રહી હતી તેનો હાથ માંગવા પુછવા આવ્યો.

તે બુઢા ગ્રહસ્થે જવાબ દીધો—"હા, જોન. જેમ તારી મરજી. હવે જો મેં તનેજ બધી પરણાવી આપી છે. પણ ખોદાને ખાતર ફરી પાછો 'તારી બુઢી સાસુને' વરે પુછવા ના આવતો."

નવલશાહ (જેવણુ ઘેરમાં હાથે દાહડી બોડવાની ટેવ પાડતા હતા)—નાજાં, જરા જલ્દી આવ તો, કંઈ તુવાલ નહિં તો કાંઇ લાવ તો, મારૂં ગરૂં બધું કપાઇ ગયુંછ, ને સરસરાટ લોહી નીકળેછ.

નાજાં—અરે નવલશાહ, તમે કેવા બેફદર છો–સુન્ના જેવી સેત્રંજીપર બધુ લોહી પરેચ, પે'હલે બાહાર નીકળો. કેટલીવાર તમુને કહ્યું કે હજામત કરવાના હોય ત્યારે મોરીપર બેસજો?

"શું તેરે તેણી એટલી બધી ખુબસુરત છે?"

"ખુબસુરત પુછેચા ગેઈ કાલે ગાર્ડન આગળ બે અફક પૈરયાઓ તેરીની સાઇડે થઇને જવાની બોંહસા બોંહસીમાં ઉપ્પર તરે થઈ ગયાતાને?"

એક ચંદની રાત્રે કોઈ માણુસ પોતાના કામથી પરવારી ઘેર જતો હતો. તેટલાં એક ચુનાની ખાહીમાં બચારો પડી ગયો. કોઇ રસ્તેથી જનારે તેને બહાર કાઢયો અને પુછયું કે આવી ચાંદરની રાત્રે તને દેખાયું નહિં જે ખાહીમાં પડી ગયો.

"કેવી રીતે દેખાય" તે બીચારાએ જવાબ દીધો, "ચંદ્રમા તો સઘળો વખત મારી પીઠ પાછલજ હતો"

શીરા: "ઘણીજ દયા ભરેલી વાત છે, શાવક, કે તારા જેવો માણુસ તે હજી સુધી કુંવારો હોય!"

શાવક: "હા, શીરા, ખચ્ચીત મને પણ એમજ થાય છે, પણ મારા બીલકુલ એમાં ઈલાજ નથી, હું જન્મથીજ એવોછુ."

બાપ (પેપરમાં વાંચીને) "ઘણાંજ માઠા સમાચાર! વળી હજી સુધી નહિં જણાયલી એક નવી 'ખાડી' આપણી મ્યુનીસીપાલીટીએ શોધી કાઢી છે."

મા: "આપણે તેની સાથ શું કામ છે?"

બાપ: "આપુને કામ નહિં વળી? એ તો વળી પાછાં આપણા બારે છોકરામાંનાં દરેકને એકેક નવી અને વખાણ સાથની બારે કીમતની ભુંગોળ (જ્યોગ્રાફી) અપાવવી પડશે."

એક શેઠજીએ કોઇ પરદેશીને પોતાનું ઘણુંજ સારૂં નહાનું ઘડીઆલ દેખાડયું. તે પરદેશીએ તે ઘડયાલના એટલા તો વખાણ કીધા કે તે શેઠજીએ તેને ઘડયાલ સભ્યતાથી ભેટ કીધું, ને તે પરદેશીએ તો મોટી ખુશી સાથે કબુલ રાખ્યું. જે ઉપરથી તે ભેટ કરનારે કહ્યુ કે "કેવા તમે બેઅદબ છો, તમારામાં લાયકીજ કયાં છે! જે મેં તમને આટલી સભ્યતાથી આપ્યું તો તેટલીજ સભ્યતા સાથે તમારે પાછું નો વાલનું હતું!"

કોઇ એક મખસે દર મહિને ત્રણથી ચાર હજાર રૂપ્યાની આવક કરવાનો ઘણો શાદો અને તર્ક શકિતનો ઉપાય સોધી કાઢયો. જ્યાં જ્યાં તે જતો ત્યાં પોતાની સાથે એક નાહની જેવી સુંદર ચોપડી લઈ જતો.

"એ કઈ ચોપડી છે જે બધો વખત તમે સાથેના સાથેજ લઇ ફરોચ" દરેક જણ તેને પુછતું.

"અલબત હું કહુંચ કે એ ચોપડી એક હજાર રૂપ્યા દરવાંણી મને વધારે કાગતી છે." તે સૌને જવાબ દેતો.

"હો હે! તે શું કામ એટલી ચોપડીપર ખાલી અમથો આકડે છે."

"અરે તેનો શું પણ તમારી પાસે એ ચોપડીની કીમત જેટલી હાલમાં દમડી પણ આપવાની ન હશે."

"શું ખાન ખાયચ બાપુ, કાંઇ કાતરયું ઠેકાણે છે કે?"

"ચાલો ત્યારે શરત બકો?"

અને પરીણામ એ આવનું કે તેની સાથ ઘણા માણસો સરત બકતાં, અને તે તુરતાજ ચોપડી ખોલીને દસ દસની નોટના એકસો કટકા ઘણા સંભાળથી તેમાં બાંધેલા દેખાડતો. આવી આવી તે ઘણી સરતો પોતાના કરાર મુજબ તે જીતી જતો.

વીકટોરયા ગારડન આગલના ટેલીગ્રાફના (તારના) એક થાંભલાં આગલ એક બે સારા દેખાવના માણસો ઉભા હતા, જેમાંનો એક પોતાના સાથીને જાણે કાંઇ દેખાડતો હોય તેમ પોતાની લાકડી વડે ઉંચેના તાર (વાયર)દેખાડતો હતો. પેલો બીજો સખસ પોતાની આંખ આગલ હાથનો 'શેડ' (છાંયો) કરી જોતો. ને પોતેબી જોયું હોય તેમ માથું ધુણાવતો, જે ઉપરથી પેલો સખસ તેનો હાથ પકડી વળી બે પગલા પાછલ હઠાવી તેની આંખથી બરાબર સામેજ પોતાની લાકડી ધરી હજી બી તેને જોયું ન હોય તેમ દેખાડતો. એમ કરીને તેઓએ પોતાની આસપાસ એક ટોળું એકઠું કીધું. આખરે જ્યારે તેઓને સો એ પુછયું ત્યારે તેઓ એ કહ્યું કે:

"દસ મીનીટમાં કેટલા મુરખના સરદારો ઘાં જોવા એકઠા મલેચ તેનો સુમાર જોતા હતા."

"ચાલ, જાંહુગીર, એમ આવ દીકરા, વાંકો વલ, ને પગે લાગીને ખોદાયજી પાસ માફ માંગ કે હવે કદી હું ખાનામા"થી બગરી ચોરીને નહિં ખાવશ." એક માતાએ પોતાના, ન'હના છોકરાને શીખામણ દીધી.

"પણ, માયજી, હમણાં નહિં; હજી સાંહાજ સુધી થોડીએક ખાઈ લઈને એકવગી રાત્રે માફ માંગશ."

એક ન્હાનો છોકરો (ભીખ માગતા)–અરે, બાઇ, મારી પર કાંઈ દયા કરો, મારી ગરીબ માતા બીચારી વાધવા છે, અને તેનીથી કશું કામ થય શકતું નથી.

એક ગ્રહસ્થ—એમ આવ રે પોરયા, લે આ પૈસો. કેટલું થયું તારો બાપ મરી ગયો છે!

ન્હાનો છોકરો—વીસ વરસ થયાં, સાહેબ.

એક સખસને રસ્ત્રેથી જતા એક પૈસો પડેલો જડયો, જે પરથી તે વાંકો વળી લેવા ગયો પણ તેટલાં તે ખોટો–ઘસાયલો માલમ પડવાથી ત્યા પડયો રેહવા દઈ ચાલતો થયો. થોડેક દુર ગયો નહિં એટલામાં એક પોલીસનો સીપાઇ તેના ખભાંપર હાથ મુકી કહેવા લાગ્યો કે "હું તને કોર્ટમાં ખેચું છું."

"શા વાસ્તે" તે સખસ બુમ પાડી બોલ્યો.

પોલીસમેન—ખોટાં દોઢયાં ચલાવવા માટે.

"એમ આવ, રૂસ્તમ. હું પાંચ પાંચ રૂપ્યાની સરત બકુંચ કે જે હું ત્રણ સવાલ તુને પુછું તેના જવાબ તારાથી 'હા' કદી કહેવાયજ નહિં."

"હું 'હા' કહીશ" કરીને તેઓ સરત બક્યા.

"જોઉંચ, તો. સાંભળજે. જો કદી કોઈ ગરીબ બાપડો ભીખ માંગતો હોય, ને તેને કોઈ બાઈ માણુસ દયા ધારી અરધો રૂપ્યો આપે તો તું તે ભીખારી પાસથી છીનવી લે ખરો કે?"

"હા." તેનાથી 'ના' કેહવાઇ જતું હતુ પણ પોતાની સરત મુજબ તેને 'હા' કેહવું પડ્યું,

"અને વારૂ કોઇ બાળક તારા દેખતાં અકસ્માતથી દરીયામાં ડુબી જતું હોય તો તે બીચારાને કાઢવાની કોશેષ નાહિં કરતાં તું ઉભો રહી જોયા કરે ખરો કે?

"હા." એવી ઢંગી સવાલ કરવાની રીત તેના સમજવામાં આવવા પેહલાં તેનેથી 'ના' બોલાઇ જતું હતું તોબી પોતાની સરત ખાતર 'હા' કહ્યું.

"હવે જાણે કે હુંજ છેઉં ને જો કદાચ આય સરત હું પોતે હારી જાઉં તો તું મને રૂપ્યા આપે ખરો કે?"

"ના." આ ઠેકાણે પણ તેને તેની સરત મુજબ 'હા'જ કેહવું હતું, પણ 'તું રૂપ્યા આપે ખરો કે?' એ શબ્દ સાંભલતાંજ તેને ઉલટો ખ્યાલ થયો કે એ હારે ને હું સોના રૂપીઆં આપું તેથી 'ના' કહી દીધું, અને પેલો સખસ સરત તો જીતી ગયો.

બાપ—ઓ રૂસ્તમ, એ પાછો કયાં પગથી માથાંવેર કાદવમાં ખરડાઇ આયો?

છોકરો (રડતો રડતો)—એમાં મારો વાંક નથી. હું તો ખાડી આગળ ઉભો હતો તેટલાં મારી ઈસ્કોલનાજ એક છોકરાએ મને આંચકો મારયો ને હું બધો કાદવમાં ગબડી પડયો.

બાપ—વારૂ. ત્યારે હવે એટલો બધો રડેચ સાનો? કાદવમાં પડી ગયાથી કાંઈ વાગ્યુંચ જે?

દીકરો—બીલકુલ નહિં, બાવા; પણ મેં જાણ્યું કે જો હું હસતો હસતો આવતે તો તમે મને મારતે.

નાટક કર્તા (નાટક ભજવાયાની બીજી સહવારે)—વારૂ. તમુને કાંઇ ગઈ રાતના મારા ખેલમાં ફેરફાર કરવા વિષે કાંઇ સુચના કરવી છે, ને તેમ હોય તો હું મોટી ખુશી સાથે-ઉપકાર સાથે તેમ કરવા તૈયારછું.

મીત્ર (ગઈ રાત્રે સાથેજ જોઇ આવેલો હોવાથી)—હું ધારૂંચ જે છેલ્લા અંકમાં જે કમકમાટ ભરેલી રીતે ઝેર દેવાનો દેખાવ આવેચ તે કરતાં મારૂં કહ્યું માનો તો પેહલાં અંકની સરૂઆતમાં તે લોકને ઝેર દેવો તો જોનારાઓને વધારે સંતોષભર્યું થઈ પડશે ને ઍક્ટરોને બીચારાઓને છેલ્લા અંક સુધી પીકરણી નહિં રેહેશે.

ઘણીજ પીકરસુપીભરી સુચના!

કાવસ—એ કોનપર કાગલ લખેચ, રૂસ્તમ?

રૂસતમ—રતનને! તારે કાંઈ તેણીપર લખાવવુંચ?

કાવસ—રતન! હું કેહુંચ કે એતો રાંન ઘણી બીજાસી છોકરી છે. હું ધારૂંચ તારે એની સાથનો વીચાર તદન છોડી દેવો જોઈએ. વારૂ એને મારી દુવા લખજે.

કેહવાની કાંઈ જરૂર નથી કે બન્ને મીત્રો ત્યાં બેટી પડ્યા ને લડ્યા.

માસ્તર—શાવક, ધાર કે એક ઝાડપેર પાંચ પક્ષી બેઠાં છે ને હું એક બંદુકે ત્રણુ મારૂં તો આં કેટલાં રહે?

શાવક—ત્રણુ, સાહેબ.

માસ્તર—હાઈ યો બેવકુફ! બે રહે, કે ત્રણુ?

શાવક—નહિં, સાહેબ, બે સાના રહે. ત્રણુ મુએલાં રહે ને બે તો તુરત ઉડી જાય, સા'બ.

માસ્તર—ચાલ, બેસી જા.

એક વેપારી જેને પોતાની એક છોકરીને એક સખસ જોડે પરણાવી હતી પણ તેણી તેની સાથે સલાહ સંપથી રહેતી નહોતી તેથી કરીને પોતાની છોકરીને સર્વે સરસામાન સાથે પોતાને પેર પાછી ફરેલી જોઇ વીચારમાં પડયો. તે બુઢા વેપારીએ તેણીની સઘળી વાત ધ્યાનથી સાંભળી; પછી ટેબલ આગળ જઈને પોતાના જમાઈપર એક કાગળ ચીતરવા મંડયો, અને પછી તેણીને ખાત્રી આપી કે હવે તારો ભરથાર તારી સાથે માયાથી વરતશે. તે કાગળ લઇ તેણી ગઇ, તેમાં નીચે મુજબ લખ્યું હતું:

"મ્હારા સાહેબ-તમારી પોતાની પસંદગીથી લીધેલો માલ મારે ત્યાં પાછો રાખવામાં નહિં આવશે." એ વાંચી તેઓ બન્નેને ખુબ હસતું આવ્યું ને ત્યાર પછીથી સમજુતીથી રહ્યાં.

એકજ દેખાવના બે જોડયા ભાઇઓએ એક 'હેર કટીંગ સેલુન'વાલા સાથે ફેલ રમવાનો વીચાર કીધો, તે ઉપરથી પે'લો

૧ છોકરો તેની દુકાનમાં જઇ હજામત કરાવી અંપી કરાવા બેઠો.

"મારા બાલ ઘણા જલદી વધી જાય છે" તેને વાતપરથી વાત કાઢી "હું કેહુંચ કે તમે કોંત્રાક્ટ રાખો—વારૂ, તમે વરસના કેટલા રૂપ્યા લેવોચ?"

"ચાર રૂપીઆ, સાહેબ; આગમચથી ભરવા, ને તમારે જોઈએ તેરે આવીને હજામત કરાવી જાઓ."

રૂ. ૪) આપ્યા ને તે ગયો. બપોર થતાંજ બીજો બાઇ ત્યાં આવ્યો, ને પેલો જોય શું કે ત્રણ દીવસની જાણે દાહડી વધી હોય અને તેટલાજ માથાપર પણ વાલ દીઠા.

"મેં તમોને કહ્યુંતુંજ કેની કે મારા બાલ ઘણા જલદી વધી જાય છે"

હજામ તો અજાયબીથી જોતોજ રહયો. બંન્ને ભાઇઓના એકમળતાપણાંને લીધે તેઓની લુચ્ચાઈ તે સમજી સકયો નહિં

"મેં તો મારી ઊમરમાંબી કોઈ સખસને આટલા જલદી બાલ તથા દાઢી ઉગી નીકલેલી જોઈ નથી" તેને કહ્યું.

"એ તો શું બરયુંચ! પણ ધીરજ રાખો, આય તો કાંઈ નથી! આય દહાડા તો હું ત્રણ વખત હજામત કરાવુંચ પણ ઉના'લામાં તો છ છ વખત હજામત કરાવતાંબી થાગ નથી લાગતો. આય વળી આજે રાત્રે નાટકમાં જવુંચ તે સાંજે આવીને હજામત કરાવવી પડસે."

પેલા કમબખત હજામે તો રોકડો જવાબ દીધો કે "સાંભલો, શેઠ, મને ગરીબને તમેબી કયાં હેરાન કરવા ધારોચ? આયે લેવો તમારા રૂપ્યા! જોઇયે તો બે વખતની હજામતના પૈસાબી તમેજ રેહવા દેવો, પણ ખોદા ખાતર પાછા આવતા ના!"

એક બુઢ્ઢાં પારસી ડોસાં રાત્રે સુરતથી મુબઈ જવા નીકળ્યાં, જેથી ગાડીમાં બેસતી વખતે તેવણે એક ગાર્ડને કહ્યું કે "બાવા, વસઈનું ઇસ્ટીસન આવે તેરે જરા મને કેહજો" અને એમ કહીને મુંગા મુંગા તેવણ તો બીચારાં પોહડી (સુઈ) ગયાં. જયારે વસઈનું સ્ટેસન આવ્યું ત્યારે, ગાર્ડ સાહેબ તે બુઢ્ઢાં ડોસાંને ઉઠાડવા આવ્યા તો જોય શું કે તેવણ તો મો'ટે મો'ટે ઘોરતાં પડયાં હતાં, જેથી તેવણનાં ગાંસડા પોટલાં વીગેરે ગાર્ડે તો બહાર પ્લૅટફૉર્મપર કહાવી તઈઆર રાખ્યાં, અને પછી તેવનને ઉઠાડી કહ્યું કે "ચાલો, નીકળો, આજ વસઈનું ઇસ્ટેસન છે."

"એમ કે!" તે ડોસાં બોલ્યાં, "પણ મરૂં, પેલાં મારા ગાંસડાં પોટલાં પાછાં મુકવા પડશે. કારણ એ તો ડાક્ટરે મને ગોળી ગળવાની આપીને તે કહે કે વસઈના ઈસ્ટીસનપર ગળજો, ને હું તો બાવા મુંબઇ જાઊંછું."

"નસવાન, તારા બાવા તો કહેય કે, નસવાન, મારો ઘણો ચાલાક ને હોસ્યાર છોકરો છે અને તેથી તેવણ તને એક મોટો વકીલ નહિં તો બેરીસ્ટર થવા ચાહેય," એક સાંજે દાદીજે ફરવા જવી વખતે નસવાનની બે'નની આવવાની રાહ જોતો તેણીના વરનડામાં ઉભો હતો તેને નાહના નસરવાન સાથે વાત કીધી.

"બાવાનું કાંઈ તમારે ખરૂં માનવું નહિં. તેવનના માથાનું કાંઇ ઠેકાણું નથી," નાહનો નસવાન બોલ્યો; "તે દાહડેબી તેવન માય આગળ બોલાતા કે મારા ને મારી બે'નના આવતી દીવાળીપર લગન કરશું, અને તે વાતને એક વરસબી થઈ ગયું."

એક ફુટકલ વેપારી (નરમાંસથી)—સાહેબ, તમે તો હવે મોટી દુકાને જઇ ચઢયા, પેલા નાકાપરના મારા હરીફને ત્યાં.

ઘરાક (દમામથીજ)—હાસ્તો વળી.

ફુટકલ વેપારી (ઘણોજ નરમ થઇ જઇ)—પણ હું તમુને પુછું કે મારો શું વાંક પડયો જે તમે ત્યાં જાવોચ!

ઘરાક (ઘણાજ દમામથી)—તુ તો ઘેર વેર બીલ લઇને આવેચ, ને આય તો તરતજ ફેંસલો થાયચ.

એક સખસ રસ્તે થઇને જતો હતો તેટલાં તેને એક છોકરાને રસ્તા વચ્ચે તડકામાં સુતેલો જોઇ તેને પુછયું કે ગામમાં જવાનો રસ્તો કયો? તે છોકરાએ ઉઠવાની તસ્દી નહિ લેતાં સુતા સુતાએ આંગળી કરી બતાવ્યો. તે સખસે કહ્યું કે જો એના કરતાં કોઈ સ્હેલો ને ઉતાવસે પોંહચી જવાય એવો રસ્તો બતાવશે તો હું એક પૈસો આપીશ.

તે છોકરાએ જડપથી ઝમીનપર ગબડી બતાવ્યું ને કહ્યું કે "આય સા'બ જલદી જઈ પોંહચવાનો રસ્તો. ચાલો લાવો પૈસો" એમ કહીને પૈસો લીધો.

ભીખારી—(રડતો રડતો) દયા કરો, ઓ ધરમાળુ શેઠ! બહુ ભુખે મરી ચાલ્યો. કાંઈ ખાવાનું હમણાં નહિં મલ્યું તો હું મરી જવાનો.

ઘરબારી સખસ—વારૂ, તારે વાસ્તે મારાથી બનતું કરીશ. ચેરીટી ફંડના સેક્રેટરીને તાર વિષે બોલ કહીશ, અને તે થોડા આઠવાડ્યામાં તારાં ગુજરાન જોગી રકમ પોંહચાડસે.

કોઇ એક શીખાઉ છોકરો એક લુહારને ત્યાં કામપર આ વ્યો, પણ બીચારાને કાંઇ ઝાઝી અક્કલ નોહતી.

સપ્પર પેહલો તેને એક લોઢાંનો સારો જેવો કકડો લીધો અને તેમાંથી ઘોડાની નાલ બનાવવા બેઠો. પ્રથમ તેણે તેને લાલ ગરમ કીધો, ને ટીપટાપ કરયા કીધું પણ કાંઇ વળ્યું નહિં.

જ્યારે નાલ બનાવતાં નહિં આવડયું ત્યારે તેને એક ખીલો બનાવવાનો વીચાર કીધો. પાછું તે લોઢાંને તેને ભઠીમાં મુકી ગરમ લાલ કીધું અને પછી હથોડા વડે ટીપ્યું, પણ કાંઈ ખીલાનો આકારબી થયો નહિં.

"કાંઇ ફીકર નહિં;" તે બોલ્યો, "ગમે તેમ કરીને હું તને આજે બોલાવ્યા વગર નહિં રહુ." એમ કહીને વળી પાછું તે લોઢાંને ગરમ કરી પાણીના એક વાસણમાં નાખી દીધું, અને અલબત પાંચ મીનીટ સુધી "સ–સ–સ–સ" થયા કીધું. તે બેવકુફ છોકરો હવે ખુશી થયો કે આખા દહાડાની સખત મજુરી પછી તે લોઢાંને તો તે જેર કરી શકયો.

એક દીવસે કોઈ લુચ્ચા જેવા બે સખસ રસ્તામાં રઝલતા હતા, ને જ્યાં ત્યાંથી દોડયાં કઢાવવાના વિચારમાં હતા. તેટલાંએકે બીજાને કહ્યું "જો પેલી કોઇ લેડી, હાથમાં નાહના જેવાં કુતરાં સાથે આવે છે?"

"હા, તેને શું છે?" બીજાએ પુછયું.

"ક્યારની વાત થઇ હું જોયા કરૂં છું" પેલો પેહલો બોલનાર બોલ્યો, "હું ધારૂંચ કે તે આવેચ તો લાંજ."

થોડાજ વારમાં તે લેડી ત્યાં આવી લાગી ને પોતાનાં હાથમાંનાં કુતલ્યાંને (કુતરાંના બચ્ચાંને) ભોંયપર મુકી એક દુકાનમાં ખરીદી સારૂ ગઇ. પેલા સખ્સ જે ક્યારની વાત થઇ વાટ જોતા હતા તે તુરત તે કુતરાને ઉપાડી લઇ અને બીજીજ ગલીમાં રસ્તે જતા એક ગ્રહસ્થને ૨) રૂપીએ વેચ્યું, અને તે દીવસના પેટ જોગા દોઢયાં કુદી કાઢયાં.

બીજે દીવસે જે સખસે તે ચોરીને વેચ્યું હતું તે પોતાના દોસ્તદારને ઘેર ગયો, ને કહ્યું, "તુને કાંઈ ખબર છે, આપણે આજે ૧) રૂપ્યો ફોકટ ગુમાવ્યો?"

"નહિં" બીજાએ કહ્યું, "કેવી રીતે?"

"પેલાં કુતલ્યાં વિષે આજના પેપરમાં જાહેર ખબર છે કે લાવી આપનારને રૂ. ૩) ઇનામ આપવામાં આવશે."

બાપ—નસવાન, દીકરા એ તું શું કરેચ?

દીકરો—શું છે બાવા! એ તો હું અજમાશ કરી જોઊંચ.

બાપ—શાનો અજમાયશ કરે છે?

દીકરો—આપરાં મરઘાંઓ છે તેને ગરમ ગરમ પાણી પાઊંચ. જેથી કરીને તેઓ બાફેલાં ઇંડા મુકે.

એક આંખે દેખતા (કાના) માણુસે પોતાનાં મીત્ર જોડે સરત રમી કે તારા કરતાં હું વધારેજ જોઈ શકુંછું. સરત કબુલવામાં આવી, પછી એક આંખવાળાએ કહ્યું કે "જો હું તારી બન્ને આંખો જોઇ શકુંછું અને તુ તારી બે આંખે દેખતો છતાં ફકત મારી એકજ આંખ દેખી શકે છે, ચાલો હું સરત જીત્યો."

કોઇ એક ગરીબ છોકરો રસ્તે જતાં ઘણોજ તરસ્યો થયો ત્યારે ગમે તેમ કરીનેબી પોતાની તરસ મટાડવાનો નક્કી ઠેરાવ કીધો. તે એક પીઠાંમાં ગયો ને એક દારૂની પેંટ માંગી. જે તેને આપવામાં આવી. તે ઊતાવળેથી પી ગયો ને ખાલી સીસી ધરતાં તે બોલ્યો—

"બેઓ શેઠ બીજી ભરી આપો."

બીજી પેંટબી લગભગ ખાલી થવા આવી ત્યારે દુકાનદારે કહ્યું:

"તમે હજુ મને પૈસા નથી આપ્યા હોં સાહેબ."

"આય ખાલી થાય ત્યાં સુધી થોભો, અને પછી—"

"અને પછી શું?"

"અને પછી સરત બકશું," એમ બોલતાંની સાથેજ સીસી સો પટકીને દોડી નીકળ્યો ને તેની પછવાડે દુકાનવાલોબી દોડયો. એક રસ્તે જતાએ તે માણુસની પાછલ પેલા દુકાનદારને લાગેલો જોઈ તેને પકડી અટકાવયો જેથી તે મોટેથી બોલ્યો—

"છોડી દે, ઓ બેવકુફ! હું તો તેની સાથે બે પેંટ દારૂની સરત રમ્યો છું."

પેલાએ તેને છોડી દીધો અને તે સપાટામાં કયે ગેપ થઈ ગયો. તેટલાં પેલો દુકાનવાલાને મળ્યો જેને પુછ્યું.

"પેલા લુચ્ચાને તમે શું કામ જવા દીધો?"

"કાંય તેતો કે'વા લાગો કે હું બે પેંટ દારૂની સરત રમ્યોછું."

"અરે" તે પીઠાંવાલો બોલ્યો, "ખચીત તે લુચ્ચાએ ખરૂં કહ્યું. હું જે તે બે દારૂની પેંટ માટેજ દોડતો હતો, અને હુંજ હાર્યો છું."

ઘરાક—(દુકાનદારને) ગયે સીયાળે આવ તેં મને ડગલો વેચ્યો પણ તેનો કુમાસ કાંઇજ ઠીક નહિં. આંખ આગલ ધરી જોયો હોય તો બધો ચાંની જેવો છે.

વેચનાર—હા, સાહેબા હોયબી, હોસ્પીટલમાં સોએક દરદી ઓએ બીચારાઓએ પેહડયો હશે, તેઓને કાંઈ કુમાસ હલકુ નહિં પડયું ને તમુને ઠીક નહિં લાગતો. હું બી વળી ત્યાંથીજ જુના કપડાંઓમાં ઘસડી લાયો' તો.

સુજી આવેલા મોહડાંનો એક માંણુસ, એક દાંતના દાકતરના દવાખાનામાં આવ્યો, ને કહ્યું કે "સાહેબ, વળી એક બીજોબી દાંત ઘણું દરદ કરેચ તે કાઢી નાખો."

"વારૂં બેસો સા'બ" અને એમ કહી દરદીને ખુર્સી દેખાડવામાં આવી.

"પણ સાહેબ, તમારી છોકરીને બોલાવતાં તો તમે વીસરી ગયા."

"મારી છોકરી?"

"હા, ગયે અઠવાડગે જેરે હું દાંત કઢાવવા આવ્યો તેરે તેવણ પાસેના ઓરડામાં પીઆનો વજાડતાં હતાં, અને તેટલા માટેજ હું અમારા ઘર આગલના દાકતરને મુકીને ચાલી અમાંતીને આટલો દુર આવ્યો."

"તે તો તે દીવસે વજારવા બેઠી હશે તેટલાં તમે આવી લાગ્યા હશો. પણ શું તમારે તેણીને વજાડતાં સાંભળવાની મરજી છે?"

"હાસ્તો."

"શું તે સાંભળવાથી તમને કાંઈ કરાર વલેગા?"

"હા તે સાંભળવાથી તમે દાંત કાઢશો તે મને મુદ્દલ દરદ થતું લાગશે નહિં."

એ સખસ જેઓને દારૂથી પાણીનાં વાખા હતા તેથી આમ તેમ ભટકતા હતા. તેથી તેઓએ નિચે પ્રમાણે તાલ કીધી:—

તેઓમાનો એક, એક પાણીના નાળાં આગલથી એક દેડકો લઈ કોઈ રસ્તેથી જતા આસામીને પુછવા લાગો કે "આય કઈ જાતનું પ્રાણી છે?"

તેને કહ્યું "દેડકો છે."

"નહિં સાહેબ," પેલાએ કહ્યું, "એ તો ઊંદર છે."

"એ દેડકોજ છે."

"નહિં, એ ઊંદર છે. ચાલો, પાંચ પાંચ રૂપયાની સરત બકુંચ, ને જે કોઈ આણ રસ્તેથી સપ્પર પહેલો જાય તેને પુછો કે એ શું છે?"

"કબુલ છે" પેલા રસ્તે જતાએ સરત કબુલી.

તરતજ પેલાનો સોબતી સામેથી આવી લાગ્યો, ને તેને પુછવામાં આવ્યું. ઘણીજ ચોકકસથી તપાસ અને ધ્યાન પૂગાડયા પછી તેને ઠાવકેપણે કહ્યું કે "ઊંદર છે." અને પેલા સખસની ગમે એવી ખાત્રી હતી કે તે દેડકો છે છતાં તેને શરત મુજબ રૂપયા આપ્યા, ને પોતે જબરા ઉઠાવગીરો હાથ વેચાયો એમ ધારી બચારો ચાલતો થયો.

માસ્તર—આ સુદાં તું એક અઠવાડયાંમાં પાંચમીવાર નીશાળે મોડો આવ્યો.

છોકરે (બ્હીતો ધ્રુજતો)—હા, સાહેબ.

માસ્તર—ત્યારે મોહટો થશે તેરે તું સઘળે કામે કાજે કેમ પોંહચી વલશે?

છોકરો—તેરે તો સા'બ, મારા પગ પણ લાંબા થશે ખરાની.

એક મોચીના પૈસા ભાંજવાની બાબદમાં એક સાક્ષીએ જડજ આગળ કહ્યું કે "સાહેબ, મારા બુટ ઘણાં કઢંગા બનાવવામાં આવ્યાં હતાં. એક બુટ બીજા કરતાં મોહટું હતું."

જડજે કહ્યું—"વારૂ, તમે કસમપર કેહોચ કે એક બુટ બીજાથી લાંબુ હતું."

"હા સાહેબ. હું કસમ ખાઈ કહુંછું."

"વારૂ તેર," જડજે ઉતાવળમાં ગુસ્સાભરી રૂપે કહ્યું—"મને એટલું સમજાવશો કે એક બુટ કરતાં બીજું ટુકું હતું કે નહિં?"

આવા ઉલટ પાલટ સવાલથી" ગભરાઈને તેને કહ્યું "નહિં, સાહેબ; એક કરતાં બીજું લાંબુ હતું."

"ચાલો" જડજે લોકોની હસાહસ વચ્ચે કહ્યું "ત્યારે હવે હું તમને વધારે પુછવા નથી માંગતો. મુંગા મુગા મોચીના રૂ. આપી દો."

નેત્રવૈદ—તમે મારાથી ૧૦ ફીટને છેટે ઉભાછો; વારૂ એટલે છેટેથી આ અક્ષર વાંચી શકોછો?

દરદી—નહિં, સાહેબ.

નેત્રવૈદ—બે પગલાં આગળ આવો. હવે?

દરદી—નહિં, સાહેબ.

નેત્રવૈદ—અજબ જેવું છે! ચાર પગલાં આગળ આવો. હવે?

દરદી—નહિં, સાહેબ.

નેત્રવૈદ—મારા જનમમાંબી આવો કેસ આવ્યો નથી. વારૂ હજી ચાર પગલાં આગળ આવો. હવે વંચાય છે?

દરદી—નહિં, સાહેબ.

નેજ઼બેહ—ઘણીજ અચરતની વાત છો તમે તો જબરા મને ઢાકવી નાખનાર આવ્યા છો. વારૂ, તમને શું લાગેચ, અક્ષર દેખાયચ કે દેખાતાબી નથી?

દરદી—અક્ષર તો દેખાય છે, પણ હું વાંચતાંજ બાપ જનમમાં નથી શીખ્યો.

દીકરો (માયને પટાવતાં)—માયજી, મને એક બાઇસીકલ અપાવવાને વરે બાવા આગળ તમે વાત કીધી'તી કે?

મા—હા, દીકરા, પણ હમણા અપાવવા ના કહેચ.

દીકરો—હા, તેવણ તો એમ કહે; પણ તમે શું કહ્યું?

મા— મે તો દીકરા, તારી તરફથી અપાવવાને વાસ્તે ઘણુંબી કહ્યું, પણ સાફ ના કહ્યું.

દીકરો—તમે મારી તરફથી કહ્યુ તોબી! તેરે વારૂ હમણા કાંઈ તમારે વાસ્તે જોઇતું હોતે તો કેવાં કલ્લો પાડીને મંગાવ્યા વગર રહેતે કે! તે દાહરે તમારા પોલકાને વરે તમે બપોરે ખાધું બી નહિં, ને પછી કેવો સાંજને સાંજ બાવાએ પોલકો લાવીને હાજર કીધેલો.

બાપ—રૂસ્તમ, એ ક્યાં બધો તડકે રખડી રઝળીને કારો સાહી જેવો થઈ આવ્યો?

દીકરો—બાગમો ફુલ વણતો હતો.

બાપ—પણ વારૂ દીકરા, આય તારા બધા બાલ કેમ ભીંજઇ ગયા.

દીકરો—એ તો બધા પસીનાને લીધે.

બાપ—ને આય વાસ્કુટ છે તે ઉંધું કાંવ પેહડ્યું?

દીકરો—આગલી બાજુથી મેલ્યું છે તેમાં.

બાપ—ને આય શું દીકરા રૂસ્તમ, આય બેંઘે તો પેલા સામેનાં શાવકનો છે?

દીકરો (નીસોસ મુકી)—બાવા, હું જુઠું નથી બોલતો, હું તો તળાવમાં નાહવા ગયો તો.

રૂસ્તમજી જેવન રાત બધી ભટકીને બાન્ને એક વાગો ત્યારે ઘેર તરફ ચાલ્યા, ને રતઇને શું કહેવું તેના વમાસનમાં પડયા. તેટલા ઘેર આવી લાગું ને બારણું ઉઘાડું હતું તેથી મુંગા મુગા અંદર સટકી ગયા, ને આસ્તે રહીને કોટ પાટલુન ઉતારીને ઓરડામાં બુચ્ચીની ઝોરી હતી ત્યાં આગલ આવી, જાણે પોતે બુચીના રડવાથી મોટી ઊંઘમાંથી જાગ્રત થયા હોય તેમ હીંચ (ઝોરી હલાવ્યા કીધી) નાખી. પા કલાક સુધી તેવણે હીચ ઘાલ્યા કીધી, એટલામાં રતઇ, જે મુગે મોહડે આય સઘળો તમાસો જોયા કરતી હતી તે બુમ પાડી ઉઠી, "એ આજે એમ શુ ઘેલાં કાર્ગરા હોશો. બાન્ને બે વાગાને આયા તોબી તમારો દારૂ નથી ઉતરયો, જે મુંઆ છાકટાની કાની ખાલી ઝોરી હલાવ્યા કરોચ. બુચી તો મારા પાસામાં સુતેલી છે. જાઓ મુંગા મુંગા ઘેંટાઈ જાઓ."

બાપ—આજે ડીકટેશનમાં કેટલી ભુલ પડેલી, શાવક.

દીકરો—પાંચજ ભુલ હતી.

બાપ—કાલ કરતાં ઠીક છે, કાલે વાકૂ કેટલી અંદર હતીની?

દીકરો—હા, પણ આજે તો ફકત પાંચ શબ્દ લખાવેલા તેમાં!

"કુતરાં કુતરાં શું કરાય, પણ મારા દોસ્તદાર પાસે એક કુતરો (કુતરી) છે, તેવો તમારા જનમમાંએ સાંભળ્યો નહિં હશે. તે ધણીનું એક મોટું ખેતર છે તે એ ખસે તો તે કુતરો સાચવેચ" એક સખસે કહ્યું.

"તેમાં શું નવાઈ કરાવોચ." સાંભલનારે કહ્યું.

"પણ નવાઈ સરખી વાત તો એ છે કે તેને ત્યાં એક મરઘી ને તેનું એક બચ્ચું હતું, મરઘી મરી ગેઇ અને બચ્ચું બીચારૂં એખલું ભુખે મરવા લાગું, તેટલાં તે કુતરીને દયા આવી ને તે બચ્ચાંને ધવાડી ઊછેરયું !"

"હંઅ" એક બીજા સાંભળનારે અજાયબી બતાવી, "ઘણી અચરત સરખી વાત છે."

"અને, આજે તેજ બચ્ચું ભસે છે."

ઘરાક (ખીજવાઈને)—તમે ખડી સારો કરવા સારૂં જાહેર ખબર છપાવીચ, ખરી?

ડાક્ટર—હા, સાહેબ, હું ક્યાં ના કહુંચ?

ઘરાક—તેરે મારા છોકરાએ લગભગ એક વરસ સુધી તમારી દવા કીધી અને છેહલો ભાગ આજની દવા પીને બીચારો મરી પણ ગયો.

ડાક્ટર—મારા કેહવા મુજબ તેને નહિં કીધું હશે. મેં તેને બે વરસ સુધી મારી દવા લાગલાગત કરવા કહી'તી.

શેઠ (બાવરચીને)—એમ આવરે, દોરાબ, આય સેરવામાં આ વાળ પડી છે? તુને દેખાતું નહિ?

બાવરચીએ સમાલીને તે માખને કાહડી નાખી અને વાત ફેરવી નાખતાં કહ્યું.

"સાહેબ હું ખરૂં કેહુંચ કે, આજે સહવારે એજ માખ મારા નાખમાં પેસી ગઈ હતી, ને જો હું જુઠું બોલતો હોઊં તો પાંચ રૂપ્યા ગુનેહગારીના આપું."

એમ સાંભલતાંની સાથેજ શેઠ સુગર્ઈને ઉઠી જાય છે, ને દેરાબને ભુખ લાગેલી હોવાથી થંડે પેટે ચપાટી જાય છે,

---

એક સુથારે પોતાના હાથ નીચેના શીખઉ છોકરાને એક પાટયાંનો સફાઈબંધ કકરો દેખાડી કહ્યું કે આય ફુટ વડે એની લંબાઈ પોહલાઇ માપી ને મને કહે. તે બીચારાને કાંઈ આવડ નોહતી તેથી કેટલોવાર સુધી ફાંફાં મારી શેઠ આગળ ગયો.

"કેમ છગના" તે સુથારે પુછ્યું, "કેટલા ફુટ થયું?"

"છે તે" છગનાએ જવાબ દીધો. "લંબાઇ છે તે એક ફુટ ને આ એક નાહની લાકડીના કકડા, તથા મારી બે મુઠી બરાબર છે, ને પોહલાઈ છે તે આ મારા હાથની કોંણીથી તે મારા બચલા લાંબા આંગલાં સુધીની છે."

એક દીવસ સાપુરશાએ વિચાર્યું કે આજે દાહડી બોરાવીને આપને ઘેર જઇએ કે સુનઇ જોઇને જરા અચરત થાય તેથી દાહડી છોલાવીને રાત્રે ઘેર આવ્યા. તેવણુની બૈરીએ બારણું ઉઘાડયું અને તેણી એકદમ તેવણુની ગરદનપર હાથ નાખી કીસ કરવા, તથા તેવન સાથ લાડ કરવા લાગી. "સુનઈ, તુને આય મેં દાહડી બોરાવીચ તે ગમેચ કે?" સાપુરશાએ પુછ્યું.

"ઓ બાદા, એ કોણ સાપુરશા છેઓ?"

શેઠને ત્યાં ખાનું હતું, ને આદમીઓ તો ઘણા આવી લાગ્યાં, તેથી શેઠે દોલાને સાંજના હાટલમાં દોડાવ્યો ને રોટલી ઘટી જવાથી થોડાં પાઉં લાવવા કહ્યું.

જ્યારે વખત આવ્યો, ત્યારે પાઉં દોરાબે સૌની પ્લેટમા મુકયું અને શેઠે એ શું છે કરીને દોલ્ડ દાલ્યા થતા પુછ્યુ—

"દોરાબ, આય કાચું જેવું શું લાગે?"

દોરાબને કાંઇ સમજ નહિં પડવાથી ઊતાવળમાં જવાબ દીધો—

"એકેક આને લાગેચ, સા'બ"

માય—જરા નાકાપરથી ગાંધીને ત્યાંથી સુંઠ લાવનો.

નાહનો છોકરો—મારા પગ બહુ દુખેચ.

માય—ગાંડો દીકરો, વારૂ જરા તારા કાકાને ત્યાં જઈને પેલું–

દીકરો—ઓ, તે કાંઈ દુર નથી, એટલે દુર તો ચલાશે.

માય—વારૂં, તેરે ત્યા જા, અને તેઓનની સામ્એજ ગાંધીની દુકાન છે તે તુને જણાશે ને ત્યાંથી દોડયાંની દરાખ લાવ.

દરાખ બોલ સાંભળતાંની સાથેજ પગ સાજો થઈ ગયો ને મુંગે મોહડે લાવી આપી.

ફરીયાદી—સાહેબ, જેવો હું બંદીખાનામાંથી છુટીને ઘેર જતો હતો. ત્યારે કોઈએ મારી ઉપર તરવાર ફેરવી, ને મારો દગલો (દગલો દેખાડતાં) ફાડી નાંખી નાશી ગયો, અને હું પકડવા——

મેજીસ્ટ્રેટ—(ઊતાવળથી) અરે ભલા માણસ! એમાં તે શું મોટી નવાઈ? જ્યારે તરવાર તારા દગલાને બદલે તારા શરીર ઉપર લાગી હોત, ત્યારેજ હું તેનો ઇનસાફ આપત.

શાવકશા છે તે મામાને ત્યાં પરાણા આવ્યા હતા. ઘેરમાં વાત પરથી વાત નીકળતાં દેવનની છોકરીએ કહ્યું; "શાવકશા, મેં સાંભળ્યું કે તમે બૈરીના નામથીજ સુગાતરા છેઓ."

શાવકશા—તમારી ભુલછે. એતો હું હમણા માત્ર પરણ-વાજ નથી માંગતો.

"શું તમારેથી એક બૈરીનું પોશન નહિં થાય?"

શાવકશા—નહિ, રે; તેમ નથી, એક બૈરીનું પેટ ભરવું તેમાં શું મોટી ખીસાદ છે, પણ તે શેઠાંણીના હાથ નીચે બે ત્રણ આયાઓ એસીસટંટ તરીકે રાખવી પડે તેનાં હોજરાં ભરાય એટલી આપણી ગુન્જાસ નથી.

ધણીઆંણી—જાંગીરશા, આજે વળી થંડી ઘણીછે. તમે ગરમ ડગલો દીલમાં પેહડી લેવો તો.

ધણી—તયારછે. પેહડુંચ.

ધણીઆણી—ને ગલપટોછે તે ગળે લપેટો. ને થંડીમાં ઉભા ના રેહતા, નહિં તો હોટ ફાટશે, ને હોટ ફાટવાથી વળી બીજો મોટો રેગ ઉત્પન થવાનો ભય રહે. પગમાં ગરમ મોજાં પેહડી ને ઉંચે વેરના બુટ પેહડો. જયારે એકેકના જાનનાં આપણું વીમાં ઉતરાવેલા તેરે એમ આપણી તંદરસ્તીની વધારે માવજત કરવી જોઇએ, ને તમે તો કાંઈ સમજતાજ નથી. કદાપી ને હું તમારી આગલ ચાંઉ (મરી જાંઉ) તો તમે જી ભરાયા સાજા હોશો; ને હેયાત હોશો તો મારા વીમાના રૂપ્યા તમોને કામ લાગશે નીકે નહિં તો કોઇ મુંવાં પરાયા જણ્યા ખાઇ જશે.

એક અક્કલના ઓઠમીર નવા રાખેલા નોકરને એક રકાબીમાં થોડીક દરાખ આપતાં સુનાબાઇ બોલ્યાં, "ભાણ્યા, આનાં બીયાં કાઢી લાવ."

થોડોક વખ્ત ગયા પછી ભાણ્યો રકાબીમાં થોડાંક બીયાં મુકી સુનાબાઈ પાસે આવ્યો. સુનાબાઈ તો આ જોઈ છક્કણીજ પડયાં ને ખુબ તંદરોસ્તી કરી બોલ્યાં, "એના બાપને નામનું રડવા મુઓ 'બીયાં' લઈ આવ્યો !? !"

ભાણ્યો:—"હ્અે ! તમે અમછતાં હાને વરે ગાર દીઓ તમે 'દરાખ' કંમ કાં કીએલું કે લાવ; તમે તો કીએલું કે બીયાં કાઢી લાવ, તેથી દરાખ મેં ખાધી ને બીયાં ઇક્કા આણેલાં"

સુનાબાઈ મુગા મુગા પોતાનીજ ભુલ જાણી બેસી રહ્યા !

ગામડિયો ગમાર—એક નગરશેઠે પોતાના નવા રાખેલા નોકર છીબલાને કહ્યું "જાતો છીબલા, આ બલદો તરસ્યા થયા છે તેમને પાણી બતાવી લાવ." તેવોજ છીબલો બલદોને લઇ જઈને થોડીકવારમાં પાછા લાવી તેમને તેમની જગ્યાપર બાંધ્યા બલદોને તરસ્યા જોઈ શેઠ ચીરડાઇને બોલ્યા "છીબલા, બલદોને પાણી બતાવ્યું કે?" છીબલો બોલ્યો "હા સાહેબ." શેઠે પુછ્યું 'ત્યારે એઓ તરસ્યા કેમ રહ્યા?' છીબલાએ ખુલાસો કીધો કે "તરસ્યા રહે તેમાં મારો શો વાંક? તમો શેઠ બોલ્યા કે પાણી બતાવી લાવ ને હું બલદોને તેજ ઘડી નદિપર લઇ ગયો અને પાણી તરફ આંગળી બતાવી બોલ્યો કે આ પાણી જોઇ લો એ મુજબ બતાવીને પાછો લાવ્યો!"

એક વખતે વરસાદ ઘણો હતો તે વખતે એક છોકરો નિશાળે ગયો. માસ્તરે પુછયું, "કેમ અલ્યા, મોડો આવ્યો?" છોકરાએ જવાબ દીધો, "શું કરૂં સાહેબ, રસ્તામાં કાદવ એટલો છે કે એક ડગલું આગલ ચાલું તો ચાર ડગલાં પાછલ સરી જાઉં." માસ્તરે કહ્યું "ત્યારે તું ત્યાં શી રીતે આવ્યો?"

"સાહેબ, પાછલે પગે ચાલીને."

એનું નામ તે અદલ ઈનસાફ!—એક પારસી પેહેલાં માળની બારીએ ઉભો રહી પોતાનાં બુટને બ્લાકીંગ મારતો હતો. તેના હાથમાંથી એક બુટ સરી પડી નિચે ઉભેલા એક મિયાં સાહેબનાં છોલેલા ડાયાને (માથામાં) વાગ્યું. તે મિયાંજી ગુસ્સેબાજ હોવાથી લાગલી પોલીસમાં ફર્યાદ કીધી કે, "મને એણે જાણી બુજીને બુટ મારયું." તે પારશીએ આ બનાવ સારૂ મિયાંજી પાસે માફી માગી. પણ અકકડબાજ મિયાં તે કાંઈ આમ સમજો છેલ્લાં વરપોટો કોરટે ચઢયો. ત્યાં એવો નિકાલ થયો કે, "એક બુટ મારના બદલ એક રૂપયો દંડ આપવો." પેલા પારસીએ તરતજ પાંચની નોટ કાઢી મેજીસ્ટ્રેટની ટેબલ ઉપર મુકીને બોલ્યો "સાહેબ, મારી પાસે રૂપયો છુટો નથી. અને જ્યારે એક બુટ મારવાનો એક રૂપયો પડે છે તો આ બાકી રહેલા ચાર રૂપ્યાના ચાર બુટ હું કોરટ સમક્ષ મારૂંછું" અને એમ બોલવાની સાથેજ વીજલીની ઝડપે તે જબરા પારસીએ મિયાંજીની એક હાથે દાઢી પકડી અને બીજા હાથે ડબોડબ ચાર બુટ મારી, પવનની સાથેજ કયે ગુમ થઈ ગયો, તે કાલની ઘડી ને આજની પલ સુધી.

અક્કલનો નમુનો—એક સરદારને ત્યાં એક નોકર હતો જે અક્કલમાં તો "**પથ્થરના ભાઈ ભમરડા**" સમાણ હતો. શેઠે એક દિને પેલા ચાકરને પોતાનો એક ભારી કીંમતનો ઘોડો નદીપર ધોવા સારૂં લઇ જવા કહ્યાથી ઘોડાને લઇ જઇ નદીમાં ઉતારયો. ભોગ ચોઘડીએ એક ઊંડી ખાહી હતી તેમાં ઘોડો ડુબી ગયો. ચાકરે ખાલી હાથે જઇ શેઠને ખબર કરવાથી તેઓ નદીપર આવી ચઢયા અને પુછયું "કઇ જગાપર ડુબી ગયો?!" નિરદોષ બિચારા ચાકરે પોતાના સરદારની એક કીંમતી જડાવદાર તલવાર (જે પોતાના હાથમાં હતી) તે ખાહીવાળી જગ્યે ફેંકી બોલ્યો "જુઓ સાહેબ, આ જગ્યે ડુબી ગયો."

ડાહ્યો ચાકર—લક્ષ્મીદાસ શેઠે એક ચાકર રાખ્યો. એક દીવસે શેઠાણીયે ચાકરને કહ્યું, "ડાહ્યા, આ કીકાને જરા ધોઈ નાખ" તો ચાકર કીકાને ઊંચકીને કુવા પાસે લઈ ગયો. અને કુવા પાસે પાણીની ભરેલી કુંડી હતી તેમાં બોળી લુગડાં ધોવાની સેલ ઉપર છોકરાના **બે પગ સાહીને અફાલવાને ઊંચો કીધો** એટલે શેઠાણી ઘરમાંથી કુવા પાસે આવીને બુમ પાડી. છોકરાને છીનવી લીધો અને બોલી, "મુવા આમ ધોવાયકે?" ચાકર બોલ્યો "ત્યારે કેમ?"

દોહરો.

પગ પકડીને ઝીકવા, થયો ડાહ્યો તઈયાર;
શેઠાણી આવી ખરે, બચ્યો મુવતે વાર.

અક્કલનો બાદશાહ—એક ઘપેશીંગ પોતાનો ઘપેડો કોઇ ચોરી ગયું હશે, તેની યાદમાં ઘડીમાં રડતો તો ઘડીમાં હસતો હતો, અને ખોદાનાસુક્ર કરતો હતો! આ નવાઇભરયો તમાસો જોઈ એક ગ્રહસ્થે એમ કરવાનું કારણ પુછ્યું. ઘપેશીંગે તપકીર ચઢાવી ઉત્તર દીધો કે, “સાહેબ, મારો ઘપેડો કોઇ ચોરી ગયું છે, તેથી તેની યાદમાં રડું છું, અને ખોદાના સુક્ર કરી હસુછું તેનું કારણ એક હું જે વેળાએ મારો ઘપેડો કોઈ ચોરી ગયું, તે વેલાએ હું તેના ઉપર સ્વાર થયો હતો નહિં—જો સ્વાર થયો હોત, તો તેની સાથે હુંબી ચોરાઇ જતો!” આ હેમકી ભરયા સખુન ઉપર પેલાને બહુ હસવું આવ્યું.

એક દીવસે એક મુરખે રૂનો વહેપાર કીધો, પણ રૂનો ભાવ એકદમ બેશી જવાથી તેને માલમ પડયું કે આપણે રૂના વહેપારમાં ખોટ જશે. એવા વીચારમાં તે કાંઈ કામ પ્રસંગે આપણા સોનીફલીઆ જેવા રસ્તા ઉપરથી જતો હતો. ત્યાં તેને એક સોનીને સોનું તપાવતાં જોયો તેથી તેને તે સોનીને પુછ્યું: ભાઈ શોનું શામાટે તપાવે છે? સોનીએ જવાબ દીધો “એમાંથી જે કાંઈ બીગાડ હશે તે નીકળી જશે, એટલે એ સોનાનો ભાવ વત્તો આવશે તેથી હું એને તપાવી ચોખ્ખું કરૂં છું.” આ વાત સાંભળી તે મુરખો ખુશી થતો ઘેર જઇ વિચાર કીધો જે ‘જો હું રૂને તપાવી માંહેથી સઘળો બીગાડ કાઢી નાંખીસ તો મને પણ પેલા શોનીની પેઠે નફો થશે’ એમ વીચારી વખારમાં જઈ તે રૂમાં દીવાસળી ચાંપી.

જોત જોતામાં રૂ બળીને ખાખ થયું, અને મુરખાભાઇ હાથ ઘસી રહ્યા.

બચારો મેહેન્તુ—એક માણસ બોરડી નીચે સુતો હતો તેની છાતી ઊપર બોર પડયું. પણ પેલો માણુસ છાતી ઊપરથી ઉચકી મોહામાં મુકવાની મેહનત કરી શકયો નહી. આખરે એક ઊંટવાલો ઉંટ ઉપર બેસીને જતો હતો તેને બુમ પાડી કહ્યું કે "અલ્યા ભાઈ, આ મારી છાતી ઊપર પડેલું બોર જો મારા મો'માં મુકે તો મને એટલી મહેનત બચે." ઊટવાલાએ જવાબ દીધો "હું ઉંટ ઊપરથી ઉતરૂ ત્યારે તને બોર ખવાડું. ત્યારેતો તું જરા હાથ હલાવી મો'માં મુકશે તેમાં શું મહેનત પડવાની છે?" તે માણુશ બોલ્યો 'જાજા, તુતો આળસું જણાય છે.' ઊંટવાલાએ જવાબ દીધો 'તારાથીં બીજો આલશુ વરી કેવો. કે છાતી ઉપરનું બોર મો'માં મુકાતું નથી.'

છોકરાનું પારશલ—એક મારવાડી પોતાના છોકરાને તેડીને પોષ્ટ હાફીસમાં ગયો અને માસ્તરને પુછ્યું, "માસ્તર શાહેબ, આ મારા છોકરાનું પારશલ કરવું છે. તે આજે જશે કે નહીં?" પોષ્ટ માસ્તરે ખીજવાઈને જવાબ દીધો. "જશે."

મારવાડીએ કહ્યું. "ત્યારે તોલી લો, શાહેબ."

એક બે છોકરાઓમાં નીચે મુજબ વાત થતી હતી.

છોકરો—અલ્યા, આ આકાશમાં ધડાકા સેના થતા હશે?

બીજો—જોની ભાઈ, એતો આકાશપર દેવલા લઢે છે તેની તોપો ફુટે છે.

છોકરો—સારે વારૂ આ વરસાદ શી રીતે આવતો હશે?

બીજો—એતો તોપના ધડાકાથી પરમેશ્વરથી પીસાબ થઈ જાય છે તેથી વરસાદ આવે છે.

કુસરો વાણીયો—એક વાણીયાને કંઇ કામસર બીજે ગામ જવું પડયું. આસરે પોતાને ગામથી દશ કોશ જેટલો આઘો ગયો અને તેને સાંભરયું કે હું મારી બાઈડીને દીવાની દીવેટ જીણી કરવાનુ કહી આવ્યો નથી, તેથી કદાચ એ રાંડ આખી રાત મોટો દીવો રાખશે નો ઓછામાં ઓછુ એક પૈસાભાર દીવેલ વધારે બલી જશે, માટે લાવ જઈને કેહેતો આવું કે દીવેટ જીણી રાખે, એમ કરી દશ કે વીશ ગાઉનો ફેરો ખાધો.

દોહરો.

વાણીયે મન વિચારયું, ઘેર નઠારી નાર;
જઈને જો કહી આવું તો, તેલ બચે પૈભાર.

આવતી કાલે શીવરાત્રી છે એમ વિચારી એક બ્રાહ્મણ સહવારે નહાવા માટે ગરમ પાણી અને ધુપ દેવાને દેવતાનો એક અંગારો જોઈશે, માટે લાવને આજેજ ગરમ પાણી કરી ઘડામાં ભરી મુકું તો કાલે પંચાત નહીં. એમ ધારી પીતળના ઘડામાં ગરમ પાણી ભરી માંહે ધુપને માટે એક મોટો દેવતાનો અંગારો નાંખી તે ઘડાનાં મો ઉપર એક કોડીઉં ધાંકી નીરાંતે સુઈ ગયો. સહવારે ઉઠીને તે ઘડો લઇ ઓટલા ઉપર નહાવા બેઠો. ધુપને માટે ઘડામાં નાંખેલો અંગારો કાઢયો તો તે ઓલાઇ જઇને કોલસો થઇ રહેલો તેનાં હાથમાં આવ્યો. નહાવાનું પાણી પણ કોલસાથી કાળુ થયેલું જોયું તેથી બીચારો સરમાઇ જઇ ઘડામાનું પાણી નીણી દઈ સરમાતો ઘેરમાં જતો રહયો.

દારબ—"હં ! સંભાલ કાઉ ! તારો કુત્રો મારી ઉપર ભંસેચ; શું એ સારાં માણસોને પીછાનતો નથી ? !"

કાઉ—"નહીં ! તું ભૂલ્યો દારબ ! એ સારાં માણસને તો ઓલખેચ ! પણ લુચ્ચાં માણસોને હજી ઓલખી શકતો નથી !"

સમજે તેનું મોત !

ભુચો—(દોડતો બબરચી ખાનામાં જઇ, "માયજી, માયજી, બાહાર બાવા આવાય !"

શીરીનબાઈ કે જેવણના ઘણી લાંબી મુસાફરીએ સધાવેલા હતા, તેવણને એકાએક આવેલા જાણી અરધા ગભરાટ તથા ખુશાલી વચ્ચે બાહાર દોડતાં આવ્યાં. પણ વાંચનાર ! બાહાર આવી ને શીરીનબાઇએ શું જોયું ? ફક્ત બે ગોસાંઈ ઉર્ફે બાવા ભીક્ષા માંગવા ઉભા હતા તે !

એક ગૃહસ્થ—(ડાકટરને) "અરે ડાકટર શાહેબ ! ગઈ કાલે પેલા હિંદુને દવા આપી હતી તે ક્યાં ગયો !"

ડાકટર—(લગાર ચિરડાયલો હોવાથી) "ભઠ્ઠીમાં ગયો તે ! તેની શાથ શું કરવું છે ?"

ગ્રહસ્થ—(હસીને પણ મીજાજથી) "નહીં સાહેબ, આપ ભુલોચ ! તે ભઠ્ઠીમાં તો નહીં, પણ સલગેલી ચેહમાં ગયલો હોવો જોઇએ."

એક ખેડુતની સ્ત્રીએ તેને એક દીવસ શેકેલા તલ ખાવા આપ્યા તે તે મુરખ ખેડુતને ઘણાં સ્વાદીષ્ટ લાગવાથી પોતાનાં ખેતરમાં તેને સઘલા સેકેલા તલ વાવ્યાં. એવા વિચારથી જે તે સ્વાદીષ્ટ તલોનો ભાવ ઘણોજ સારો આવશે. પણ તે બીચારા મુરખની આશા ભંગ થઈ. ચોમાસું એ ગયું, તલની મોસમ પણ ગઇ અને તેની સઘલી મહેનત પણ ગઈ. નફામાં લોકોએ ફીટકાર દીધો તે પણ જુદો. આમ તે બીચારો મુરખ ખુદા ઉપર ગાલોનો વરસાદ વરસાવા લાગ્યો.

એક હાજર જવાબી લુચ્ચો—એક દીવસે એક માલેતુજાલ ગર્વીસ્ટ અમીર પોતાની કચેરી ભરીને બેઠો હતો ત્યાં એક લુચ્ચો હુકમ વીના એકદમ તે અમીર નઝીક મકસદની આડો આડ જઇને ચઢી બેઠો ! આ જોઈ અમીર તપીને બોલ્યો "અએ બેશરમ! એકદમ હુકમ વિના મારી સામે કેમ આવી બેઠો? ! હવે તારામાં ને ધઘેડામાં શો ફરક ?!" પેલો ઢોંગી પોતાની અને તે તપી ગયલા અમીરની વચ્ચોવચ એક વેંત ઊંચી કરી બતાવીને બોલ્યો "મારામાં ને ગધેડામાં આ એક વેંતનોજ માત્ર ફરક ! !"

શીરીનબાઈ: "આવો સુનાબાઈ, કેમ છેઓ. પેલું પુડીંગ મેં મોકલ્યું'તું તે તમુને ગમ્યું કે?"

સુનબાઇ: હાજી, મરૂં, મરૂં, મોકલતાંને જી ભરૂં તે બહુ મજેનું ઉતું, ને મારા સોરાબને તો ઘણું સવાદ લાગું."

શીરીનબાઈ: ખારૂં, પણ તે તમે તે વાસન નહિં મોકલ્યું, તેથી કરીને જરાક મરૂં તમારા ડોકરા પાસે મોકલાવજો; એતો અમારા ટોમ (કુતરા) ને દુધ પાવાનું વાસણુ છે, ને તેબી સુઓા બીજા કોઇ વાસનમાં પી મરતો નથી."

માસીક "ખોદાબક્ષ" ચોપાન્યું.

ખીચોખીચ છપાતાં આ ઈંગરેજી ગુજરાતી ચોપાન્યામાં અતિ રસીક ચાલુ વાર્તા, નાટકો, વિદ્યા અને વૈદક વિષયો, ઘરઘટુ, નુસકાઓ, ગાયણો, રમુજી ટુચકાઓ, જ્ઞાનસાથ ગમ્મત આપે એવા સંશકૃત શ્લોકો સાથે તેના અર્થ સમજાવવા ઉમાંત દરેક અંકમાં ઈનામની બાજીઓ અને એક સંપુર્ણ વાર્તા વિગેરેનો સમાસ કરવામાં આવે છે

લવાજમ વરસ એકનો ફકત રૂ ૦॥। પોસ્ટેજ મફત

ફકત નામની **બાર આનાની કીમત આંગપર આપનારનેજ** વળી નિચે લખેલી ચોપડીઓમાંની ગમે તે એક ચોપડી ભેટ દાખલ આપવામાં આવે છે. કલગી ખ્યાલ રૂ૦॥

કીડલશીક્ષક ૦॥, પાકદામન પીરોજા છ આના, મોરલકલાસના મીનીંગ ૦॥ સભાબાઈ ટાવરની માહેતમના ગાયનો બે આના, હાથવાજુ શીક્ષક ત્રણ આના


શું ચાર આનાનું કાંઈ તો ખરીદો ?

હારમવાજુ શીખવાની ચોપડી રૂ ૧, ૦॥, ૦।, ૦)≡ આર્યાજ્ઞાન નાટક રૂ૧, જાદુ સંગ્રહ ભાગ ૧લો ૦)– છોકરાવોને મારક માડવાના રજીસ્ટર અંગરેજી ગુજરાતી ૦)– એકાંતસીઆ તાવની ચોપડી ૦)– કલગી તોરાના ખ્યાલ ૦॥ ક્રીકેટની ચોપડી૦)= ઉસ્તાદી ગાયન ૦।= ઓરદઆબસ્તા ૦।, ૦।= જરથોસ્ત સાહેબનું પીકચર ૦)– દરાજનો મલમ ૦। કાલી સાહીની શીશી ૦। મીનસ વીકટની ચોપડી તેના પીકચર સાથે ૦)– ગણોતપટાના ફારમ ૦)॥

ફે તાઉસ ભાગ ૨ રૂ૦॥ લલીતા દુખદર્શક ૦॥= તાઉસ કમાયત રૂ૦॥ દરબાસના ફોરમ ૦)- ફોફટ રમવાના ગેચના કાગજ ૦)- દીવાલીનો દમામ ૦)- સુંદર મન-હર ગાયણ પ્રકાશ ૦ ગુજરાતીમાં સ્તોત્ર સંગ્રહ ધ્યાને ભગવત સમરન ૦)= તાવની કથા ૦)-

વેચનાર એમ. જે. પોસ્ટવાલા નાણાવટ સુરત.

રબરસ્ટાંપ કંપની.




નં૦ ૯ રૂ૩



નં ૮ રૂ ૨॥





નં૦ ૧૨ રૂ ૨॥

નં૦ ૨૦ રૂ ૨)

એમ. જે. પોસ્ટવાલા નાણાવટ—સુરત.

પાંડુરંગ ભરડાઈ, શરતીની ધર્મીક આકૃતીને છાપખાનામાં છાપ્યું.